આજનો સુવિચાર

સારા સંબંધો માટે લાગણી હોવી જરૂરી છે, બાકી સ્વાર્થનાં સંબંધો આખી દુનિયામાં છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૮૬ જૂનાગઢ તા.૨૪-૭-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 186, Junagadh : Date : 24 July, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

કડીયાવાડ સ્થિત ત્રણ માળની જર્જરીત ઈમારત પત્તાના મહેલની જેમ ધરાશયી : ૧૦ થી વધુ લોકો દટાયા



કાટમાળ નીચે દટાયેલા લોકોને બચાવી લેવાની કામગીરી યુધ્ધનાં ધોરણે ચાલુ : કલેકટર, આઈજીપી, એસપી, મ્યુની. કમિશ્નર તેમજ સમગ્ર તંત્ર ઘટના સ્થળે ઉપસ્થિત

જીલ્લા પોલીસ વડા દ્વારા માઈક દ્વારા લોકોને ઘટના સ્થળેથી હટી જવા તેમજ બચાવ કામગીરીમાં અવરોધ ઉભો નહી કરવા અપીલ : ગણતરીની સેકન્ડોમાં સમગ્ર ઈમારત પત્તાના મહેલની જેમ ધરાશયી થઈ ગઈ : જર્જરીત ઈમારતો ઉતારી લેવામાં કોર્પોરેશન તંત્રની લાપરવાહીને કારણે આ ઘટના બની હોવાનો આક્ષેપ

કાટમાળ નીચે દબાયેલા લોકો ફોન કરીને બચાવી લેવાની વિનંતી કરી રહયા છે

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ શહેરમાં આજે બનેલી એક કરૂણ ઘટનામાં દાતાર રોડ ઉપર કડીયાવાડનાં નાકે આવેલ ત્રણ માળની એક જર્જરીત ઈમારત ધરાશયી થઈ જતાંઅનેક લોકો દટાયા હોવાનું જાણવા મળેલ છે. અંદાજે ૧૨.૩૦ કલાકે આ ઘટના બની હતી જેમાં આ ત્રણ માળની ઈમારત તુટી પડી હતી જેમાં નીચે બે દુકાનો અને ઉપર રહેણાંક હતું. જૂનાગઢમાં પડેલા અતિભારે વરસાદને કારણે જર્જરીત ઈમારત આજે પત્તાના મહેલની જેમ તુટી પડી હતી. આ બનાવની જાણ થતાં જીલ્લા કલેકટર, આઈજીપી, જીલ્લા પોલીસા વડા, ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો તેમજ ફાયર બ્રિગેડની ટીમો મહાનગરપાલીકાનું તંત્ર ઘટના સ્થળે દોડી ગયા છે અને તત્કાલ બચાવ કામગીરી હાથ ધરી છે. ઘટના સ્થળેથી કાટમાળ દુર કરવામાં આવી રહયો છે અને કાટમાળ નીચે દટાયેલા લોકોને બચાવવાની કામગીરી ચાલુ છે. કોઈ જાનહાની થઈ છે કે કેમ તે અંગે જાણવા મળ્યું નથી.સમગ્ર તંત્ર કાટમાળ દુર કરવાની કાર્યવાહીમાં લાગી ગયું છે. જેસીબીની મદદથી કાટમાળદુર કરવાની કાર્યવાહી ચાલુ છે. ઘટના સ્થળે લોકોનાં ટોળે ટોળા ઉમટી પડયા છે. જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસન શેટ્ટી ખુદ ઘટના સ્થળે પહોંચી માઈક દ્વારા લોકોને ઘટના સ્થળેથી હટી જવા અને બચાવ કામગીરીમાં અવરોધ ઉભો નહી કરવા માઈક દ્વારા વિનંતી કરી રહયા છે.

પ્રાથમીક અહેવાલ મુજબ ૧૦થી વધુ લોકો દટાયા હોવાની આશંકા છે. ઘટના સ્થળે પાંચથી વધુ ૧૦૮ એમ્બ્યુલન્સ તૈનાત છે. શનિવારે પડેલા ભારે વરસાદને કારણે આ વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા તેથી જર્જરીત બિલ્ડીંગનાં પાયા હલબલી ગયા હતા. વધુમાં આ બિલ્ડીંગની બાજુમાં અન્ય પણ જર્જરીત ઈમારતો આવેલી છે જેને ઉતારી લેવાની જરૂરીયાત છે. આ તુટી પડેલી બિલ્ડીંગ તેમજ અન્ય જર્જરીત બિલ્ડીંગોને ખાલી કરાવી ઉતારી લેવા માટે જૂનાગઢ મહાનગરપાલિકાનાં તંત્રએ નોટીસ આપીને સંતોષ માની લીધો હતો અને સમયસર કામગીરી કરી નથી જેનું આજે આપરીણામ આવ્યું છે. જૂનાગઢ મનપાનાં તંત્ર દ્વારા જર્જરીત મકાનો ઉતારી લેવાની કાર્યવાહીમાં લાપરવાહી રાખવામાં આવી છે. ટુંકમાં કોર્પોરેશનનાં તંત્રની લાપરવાહીને કારણે આ ઘટના બની હોવાનું લોકો આક્ષેપ કરી રહયા છે. સુત્રો દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે, બિલ્ડીંગ નીચે દબાયેલા લોકોનો મોબાઈલ ફોન ચાલુછે અને દટાયેલા લોકો ફોન કરીને તેમનો બચાવી લેવાની વિનંતી કરી રહયા છે.

ચંદનનાં રોપા કેન્દ્ર - પ્લાસવા
જન કલ્યાણ નર્સરી એન્ડ ફાર્મ
(ગામ પ્લાસવા)
સફેદ ચંદન, લાલ જાંબુ, લીંબુડી, લીલી ચા, કેસર આંબા, મીઠી તુલસી (સ્ટેવીયા) વગેરેના રોપા અમારે ત્યાંથી મળશે
ઘનશ્યામભાઈ સાવલીયા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬
કલ્યાણભાઈ સાવલીયા
મો. ૯૮૨૪૮ ૨૨૬૫૦

વેચવાનો છે
ઔદ્યોગિક હેતુવાળા ૨૪૪૮ ચોરસ વાર પ્લોટ, જય ભૂવનેશ્વરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સાબલપુર, જૂનાગઢ (૨૨ હોર્સ પાવર સાથે)
મળો : જયેન્દ્રભાઈ
મો. ૯૮૨૫૨ ૨૦૧૪૮

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટીહોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બંગલો વેચવાનો છે
દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને Touch હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચ્યુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીકસ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫૨ વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.
સંપર્ક : ૯૯૨૪૭ ૨૪૮૬૧

જૂનાગઢમાં વેચવાનું છે
(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) નીલકમલ-૧માં પહેલા માળે ફલેટ
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) લોખંડનાં ઘોડા નંગ-૧૬ વ્યાજબી ભાવમાં વેચવાના છે.
સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

આંધ્રપ્રદેશની સરકારી હોસ્પીટલમાં હચમચાવતી ઘટના : ઓકસીજન ખુટી પડતા ૮ દર્દીનાં મોત

હૈદરાબાદ,તા.૨૪

આંધ્રપ્રદેશના નેલ્લોર શહેરમાં એક સરકારી હોસ્પીટલમાં હચમચાવી મૂકે તેવી ઘટના સામે આવી છે.

અહેવાલ અનુસાર ઓક્સીજન ખૂટી પડવાને લીધે લગભગ ૮ જેટલાં દર્દીઓના શ્વાસ રૂધાંતા તેઓ મોતને ભેટ્યાં છે. મૃતકના સંબંધીઓએ ઓક્સીજનની અછત માટે હોસ્પીટલના સત્તાવાળાઓને જવાબદાર ગણાવ્યા હતા.

આવા આક્ષેપોના જવાબમાં હોસ્પીટલના અધિકારીઓએ જણાવ્યું હતું કે કોઈ દર્દીનું મોત ઓક્સીજનના અભાવે થયુ નથી. આ બધા લોકોને કોઈને કોઈ પૂર્વ બીમારી હતી, જેને કારણે તેઓ મૃત્યુ પામ્યા હતા. અધિકારીઓએ દાવો કર્યો હતો કે હોસ્પીટલમાં ઓક્સીજનની અછત સર્જાઈ જ નથી.

માહિતી અનુસાર ૮ દર્દીઓમાંથી ૬ને હોસ્પીટલના મેડિકલ ઈન્ટેન્સીવ કેર યૂનિટમાં જ દાખલ કરાયા હતા. હોસ્પીટલના સુપ્રીન્ટેન્ડન્ટે ગંભીર તપાસના આદેશ આપ્યા હતા. તેમણે જિલ્લા કલેક્ટરને પણ એક વિસ્તૃત અહેવાલ સોંપ્યો હતો. તેમણે જણાવ્યું કે ઓક્સીજનની અછત અને દર્દીઓના મૃત્યુ વચ્ચે કોઈ જ લેવા દેવા નથી. તેઓએ વધુમાં એ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે હોસ્પીટલમાં ઓક્સીજન પુરવઠાની કોઈ અછત નથી.

અમદાવાદમાં ગત મોડીરાત્રે વધુ એક નબિરાએ અકસ્માત સર્જયો

અમદાવાદ તા. ૨૪

અમદાવાદમાં ગત બુધવારે રાત્રે ઈસ્કોન બ્રિજ પર સર્જાયેલો અકસ્માત હજુ ભૂલાયો નથી ત્યાં શહેરમાં વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. શહેરના મણીનગર વિસ્તારમાં ગઈ કાલે રાત્રે નશામાં ધૂત નબીરાએ બેફામ કાર ચલાવી બાંકડા પર કાર ઘુસાડી દીધી હતી. જોકે, બાંકડા પર બેસેલા ત્રણ લોકો સમય સૂચકતા વાપરી બાંકડાથી દૂર ખસી જતાં જાનહાની ટળી હતી. આ અકસ્માતમાં નશામાં ધૂત નબીરાની કાર ચારથી પાંચ વખત પલટી મારી ગઈ હતી. તો ગાડીમાંથી દારૂ અને બિયરની બોટલ પણ મળી આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદમાં જાહેર રસ્તા પર લોકોનો ફરવું અને બેસવું જોખમી બન્યું છે. અમદાવાદના મણીનગર વિસ્તારમાં જવાહર ચોક પાસે પ્રભુ એપાર્ટમેન્ટ સામે ગઈ કાલે રાત્રે કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર પલટી મારી ગઈ હતી અને બાંકડા સાથે અથડાઈ હતી. જોકે, આ બાંકડા પર બેસેલા ત્રણ વ્યક્તીઓએ સમયસૂચકતા વાપરીને પોતાનો જીવ બચાવ્યો હતો. આ અકસ્માતની ઘટનામાં કાર ચાલકને ઈજા પહોંચી હતી અને તે નશામાં ધૂત હોવાનું સામે આવ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. આ ઘટનામાં કાર ચાલક સહિત ત્રણ નબીરાઓને સ્થાનિકોએ દબોચીને પોલીસને સોંપ્યો હતો. પોલીસે કારમાં તપાસ કરી તો બિયરની બોટલ પણ મળી આવી હતી. જે બાદ ડ્રિન્કએન્ડ ડ્રાઈવ મામલે પોલીસે તપાસ તેજ કરી છે.

મણીપુરમાં ૮૦ વર્ષની વૃધ્ધાને જીવતી સળગાવી દીધી

ઈમ્ફાલ તા. ૨૪

તૃણમૂલ કોંગ્રેસ રાજયસભાના સાંસદ અને રાષ્ટ્રીય પ્રવક્તા સાકેત ગોખલેએ મણિપુર હિંસા દરમ્યાન જીવતી સળગાવી દેવાયેલી ૮૦ વર્ષની વૃદ્ધ મહિલાનો કથિત ઉલ્લેખ કરીને ભાજપ અને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. મીડિયા રિપોર્ટ અનુસાર જીવ ગુમાવનાર વૃદ્ધ મહિલા સ્વતંત્રતા સેનાનીની પત્ની હતી. સાકેત ગોખલેએ આ ઘટનાને ચોંકાવનારી ગણાવી છે.

સાકેત ગોખલેએ રવિવારે ટ્વીટ કર્યુ, 'અન્ય એક આઘાતજનક ઘટનામાં, મણિપુરમાં એક ૮૦ વર્ષીય મહિલાને તેના ઘરે ટોળાએ જીવતી સળગાવી દીધી હતી.' તાત્કાલિક પગલાં લેવાને બદલે, ભાજપ અને મોદી સરકાર મણિપુરમાં ચાલી રહેલા નરસંહાર અને વંશીય સફાઈને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ કરી રહી છે અને વિપક્ષના રાજયના ફેક ન્યૂઝને હાઈલાઈટ કરીને મણિપુરમાં ચાલી રહેલા નરસંહાર અને વંશીય સફાઈને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરી રહી છે. ટીએમસી નેતાએ લખ્યું, 'મુખ્યમંત્રી એન બિરેન સિંહના નેતૃત્વમાં ભાજપે મહિલાઓ અને આદિવાસીઓ પર અકથ્ય અત્યાચાર કર્યો છે.' તેમણે આગળ લખ્યું, 'મોદી સરકાર વિપક્ષી રાજયોમાં કેસોની તપાસ માટે તાત્કાલિક કેન્દ્રીય એજન્સીઓને તૈનાત કરે છે, પરંતુ મણિપુરમાં કોઈ કેન્દ્રીય એજન્સી પણ સામેલ નથી કારણ કે આ એજન્સીઓ હવે ગુનેગારોને ન્યાય આપવાને બદલે રાજકીય વેરનું સાધન બની ગઈ છે.' મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સાકેત ગોખલેએ પોતાના ટ્વિટમાં જે વૃદ્ધ મહિલાનો ઉલ્લેખ કર્યો હતો, તેને ૨૮ મેના રોજ કાકચિંગ જિલ્લાના સેરાઉ ગામમાં ફાંસી આપવામાં આવી હતી. અહેવાલ મુજબ મણિપુર ઈન્ટરનેશનલ યુથ સેન્ટરએ આ ઘટના અંગે માહિતી આપી હતી. જીવ ગુમાવનાર મહિલાનું નામ સોરોખાઈબામ ઈબેટોમ્બી હતું. ઘરના તમામ દરવાજા તાળા હતા અને અંદરથી મહિલા સળગી ગયેલી મળી આવી હતી.

ઉત્તરકાશીમાં વાદળ ફાટતા ભારે તબાહી : ૪૦ ગામોમાં અંધારપટ્ટ : ૫૦થી વધુ મકાનોને નુકશાન

નવી દિલ્હી તા. ૨૪

ઉત્તરકાશીમાં વાદળ ફાટતા તબાહી મચી જવા પામી છે. ૪૦ ગામો વીજ પુરવઠો ખોરવાઈ જતા અંધારાપટ્ટ છવાઈ ગયા છે. તેમજ ૫૦ થી વધુ મકાન-ઈમારતોનુ નુકશાનને નુકશાન થવા પામ્યુ હતું. ભારે વરસાદને કારણે છડા ખાડ અને કમલ અને કોતર નદીના પાણીના સ્તરમાં વધારો થયો

મળતી વિગત મુજબ ઉત્તરકાશી જિલ્લામાં મુશળધાર વરસાદ વચ્ચે શુક્રવારે મોડી રાત્રે પુરોલામાં વાદળ ફાટ્યું હતું. જેના કારણે છડાખાડ અને કમલ નદીના પાણીમાં વધારો થયો હતો. કોતરના પાણીના સ્તરમાં વધારો થવાને કારણે કોર્ટ રોડની ઈમારતો જોખમમાં આવી ગઈ છે. ઉત્તરકાશીના જિલ્લા મેજિસ્ટ્રેટ અભિષેકે જણાવ્યું કે ભારે વરસાદને કારણે ઉત્તરકાશી જિલ્લાના પુરોલા, બરકોટ અને ડુંડામાં ૫૦ ઈમારતોને નુકસાન થયું છે. તે સાથે લગભગ ૪૦ ગામોમાં વીજ પુરવઠો બંધ થઈ ગયો છે.

ઉતરાખંડમાં ચાલી રહેલા ભારે વરસાદને કારણે ઉત્તરકાશીમાં પણ સ્થિતિ બગડવા લાગી છે. ભારે વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. તમામ નદીઓ અને નાળાઓ વહેતા થઈ રહ્યા છે.

ઉલ્ટી ગંગા : હવે ભારતની અંજુ પ્રેમીને મળવા પાકિસ્તાન પહોંચી

શ્રીનગર,તા. ૨૪:

પાકિસ્તાની મહિલા સીમાહેદર તેના **PUBG** મિત્રને મળવા ભારત આવ્યા બાદ હવે અંજુ નામની ભારતીય યુવતી તેના ફેસબુક ફ્રેન્ડ નસરૂલ્લાને મળવા પાકિસ્તાનના દિર ખૈબર પખ્તુનખ્વા પહોંચી છે. જણાવવામાં આવી રહ્યું છે કે ઉત્તર પ્રદેશની રહેવાસી અંજુને દીરના નસરુલ્લા ખાને લાલચ આપી હતી. નસરૂલ્લા અગાઉ શાળાના શિક્ષક હતા, પરંતુ હાલમાં તબીબી પ્રતિનિધિ તરીકે કામ કરે છે. બંનેએ પુષ્ટિ કરી છે કે તેઓ સોશિયલ મીડિયા પર મળ્યા હતા અને છોકરી તેને મળવા માટે સરહદ પાર ખૈબર પખ્તુનખ્વા ગઈ હતી. આ ઘટનાએ તાજેતરમાં પડોશી દેશમાંથી વિઝા વિના ભારત પહોંચેલી સીમાહેદરની કહાની ફરી જીવંત કરી છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતની રહેવાસી સીમા કહે છે કે તે ૨૦૧૯-૨૦માં ઓનલાઈન ગેમ **PubG** રમતી વખતે ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડાના સચિન મીનાના સંપર્કમાં આવી હતી અને બંનેએ વ્હોટસએપ અને ઈન્સ્ટાગ્રામ પર વાત કરવાનું શરૂ કર્યું હતું. સીમા તેના ચાર બાળકો સાથે ૧૩ મેના રોજ નેપાળ થઈને બસમાં સવાર થઈ ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશી હતી. તેનું કહેવું છે કે તે ગ્રેટર નોઈડાના રાબુપુરા વિસ્તારમાં રહેતા સચિન સાથે રહેવા આવી હતી.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં ચોમાસાની અડધી સીઝનમાં જ ૧૦૦ ટકા કરતા વધુ વરસાદ પડી ગયો

રાજકોટ તા.૨૪:

સૌરાષ્ટ્ર-કચ્છમાં આ વખતે મેઘરાજા ભરપુર વરસી રહ્યા છે અને જુનાગઢ, અમરેલી, રાજકોટ, કચ્છ, ગીરસોમનાથ જેવા ભાગોમાં વ્યાપક તારાજી સર્જી છે. ત્યારે અડધા ચોમાસામાં જ ૧૦૦ ટકા વરસાદ થઈ ગયો છે. સૌરાષ્ટ્રમાં સીઝનનો ૧૦૨.૯૬ ટકા તથા કચ્છમાં ૧૨૯.૯૮ ટકા વરસાદ વરસી ગયો હોવાનું હવામાન વિભાગનાં સતાવાર રીપોર્ટમાં જાહેર કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રનાં ૧૫ પૈકીનાં ૬ જીલ્લામાંપણ ૧૦૦ ટકા કે તેથી વધુ વરસાદ થઈ ગયો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરનાં રીપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧૯૪ તાલુકામાં હળવો ભારે વરસાદ થયો હતો, આ સાથે રાજયમાં સીઝનનો ૭૦ ટકા વરસાદ થઈ ગયો છે. ગુજરાતમાં આ વખતે મેઘરાજાનું જોર સૌરાષ્ટ્ર તથા કચ્છ પર વધુ રહ્યું હતુ. બન્ને ઝોનમાં ૧૦૦ ટકાથી વધુ પાણી વરસી ગયુ છે. કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૩૦ ટકા તથા સૌરાષ્ટ્રનાં ૧૦૩ ટકા વરસાદ થઈ ગયો છે. કચ્છ ઝોનમાં સામાન્ય રીતે આખા ચોમાસામાં ૪૬૪ મીમી પાણી વરસતુ હોય છે.

તેની સરખામણીમાં આ વખતે અત્યાર સુધીમાં ૬૦૩ મીમી પાણી વરસી ગયુ છે. સૌરાષ્ટ્ર ઝોનમાં સીઝનનો ૧૦૨.૯૬ ટકા વરસાદ થઈ ગયો છે. સૌરાષ્ટ્ર ઝોનમાં સરેરાશ ૭૨૨ મીમી વરસાદ થતો હોય છે. તેની સામે હાલ ૭૪૪ મીમી વરસાદ થઈ ગયો છે. મહત્વની વાત એ છે કે હજુ અડધું ચોમાસું પણ પુરૂ થયુ નથી ત્યાં જ સૌરાષ્ટ્રમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે.

સૌરાષ્ટ્રમાં જીલ્લાવાર વરસાદ પર નજર કરવામાં આવે તો સૌથી વધુ ૧૪૪.૩૮ ટકા વરસાદ જુનાગઢમાં પડયો છે. ૯૬૮ મીમીની સરેરાશ સામે ૧૩૯૮ મીમી વરસાદ નોંધાયો છે.

ગીર સોમનાથ જીલ્લામાં ૯૬૮ મીમી સામે ૧૧૯૩ મીમી પાણી વરસ્યુ છે. જે ૧૨૧.૭૩ ટકા થવા જાય છે. બોટાદમાં ૭૨૨ મીમીની એવરેજ સામે ૭૪૩ મીમી વરસાદ નોંધાયો છે. જે ૯૦.૯૬ ટકા છે. રાજકોટ જીલ્લામાં ૭૦૩ ની એવરેજ સામે ૭૬૬ મીમી વરસાદ નોંધાયો હતો જે ૧૦૮.૯૫ ટકા છે. જામનગર જીલ્લામાં ૭૦૮ મીમીની સરેરાશ સામે ૭૪૯ ટકા વરસાદ થતાં ૧૦૫.૭૪ ટકા થયો છે. દેવભુમિ દ્વારકામાં ૭૪૫ ની એવરેજ સામે ૭૧૫ મીમી વરસાદ થયો હતો જે ૧૦૭.૨૮ ટકા થવા જાય છે.

ચોમાસાનાં અત્યાર સુધીનાં ત્રણેક રાઉન્ડમાં કેટલાંક ભાગોમાં મેઘરાજાએ કહેર સર્જયો હતો. છેલ્લા રાઉન્ડમાં જુનાગઢ, જામનગર, અમરેલી, રાજકોટનાં કેટલાંક ભાગોમાં વ્યાપક તારાજી સર્જી છે. અસામાન્ય વરસાદમાં જાનમાલની ખુવારી થઈ ગઈ છે. પુલ-રસ્તા ભાંગી જવા, વાહનો-પશુ તણાવા, ખેતરોમાં ધોવાણ સહીતનાં અનેકવિધ ઘટનાક્રમ સર્જાયા હતા.

ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પાસે બોટ ડૂબી જતા ૧૫ લોકોના મોત, ૧૯ હજૂ પણ લાપતા

જકાર્તા તા. ૨૪

ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પાસે મુસાફરોથી ભરેલી બોટ ડૂબી ગઈ હતી. સ્થાનિક સુત્રોના જણાવ્યા અનુસાર બોટમા અંદાજે ૪૦ લોકો સવાર હતા જેમાંથી ૧૫ના મોતની પુષ્ટિ થઈ છે. હાલ રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. ઈન્ડોનેશિયાની સ્થાનિક એજન્સીએ જણાવ્યું હતું કે બોટમાં સવાર ૧૯ લોકો હજુ પણ ગુમ છે. ૭ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. હાલ બોટ ડૂબવાનું કારણ સ્પષ્ટ થયું નથી. સ્થાનિક અધિકારી મોહમ્મદ અરાફાહે જણાવ્યું હતું કે તમામ મૃતકોની ઓળખ થઈ ગઈ છે અને તેમના મૃતદેહો તેમના સંબંધીઓને સોંપવામાં આવ્યા છે. આ સિવાય બચાવાયેલા લોકોને સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મુસાફરો આ બોટમાં દક્ષિણ-પૂર્વ સુલાવેસી પ્રાંતની રાજધાની કેંદારીથી ૨૦૦ કિલોમીટર દૂર મુના દ્વીપની ખાડીને પાર કરી રહ્યા હતા. બોટ એ ઈન્ડોનેશિયામાં પરિવહનનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે. દેશના ૧૭,૦૦૦ ટાપુઓ વચ્ચે મુસાફરી કરવા માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. જો કે સલામતીના ધોરણોના અભાવને કારણે આ વિસ્તારમાં આ પ્રકારના અકસ્માતો સામાન્ય છે.

સંઘનાં વરીષ્ઠ પ્રચારક મદનદાસ દેવીનું નિધન

નવી દિલ્હી તા. ૨૪: સંઘના વરિષ્ઠ પ્રચારક મદનદાસ દેવીનું સોમવારે સવારે નિધન થયું હતું. તેમણે ૮૧ વર્ષની વયે બેંગ્લોરમાં અંતિમ શ્વાસ લીધા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મદનદાસ દેવીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. પીએમ મોદીએ કહ્યું કે હું માત્ર તેમની સાથે ગાઢ સંબંધ જ નથી રાખતો પરંતુ હંમેશા ઘણું શીખવા મળ્યું છે. મદનદાસ દેવીનું બેંગલુરૂમાં સવારે ૫ વાગ્યે નિધન થયું હતું. મદનદાસ સંઘ અને એબીવીપીમાં ઘણા હોદ્દા પર રહી ચૂક્યા છે. તેઓ **ABVP**ના રાષ્ટ્રીય સંગઠન મંત્રી અને સંઘની સહ-સરકારની જવાબદારી નિભાવી ચૂક્યા છે.

મધ્યપ્રદેશમાં બની વધુ એક જઘન્ય ઘટના :

દલિત યુવકને માનવ મળ, મુત્ર ખવડાવવાનો મામલો બહાર આવ્યો

ભોપાલ,તા.૨૪

મધ્યપ્રદેશમાં સીધી પેશાબ કાંડ બાદ હવે છતરપુર જિલ્લામાં પણ માનવતાને શરમાવે તેવો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક દલિત વ્યક્તીને માનવ મળમૂત્ર ખવડાવવાનો આંચકાજનક બનાવ બન્યો છે. આ મામલો સામે આવ્યા બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આરોપીઓ સામે કેસ નોંધ્યો હતો.

મળતી માહિતી મુજબ મહારાજપુર પોલીસ સ્ટેશન વિસ્તારના દિકૌરા ગામમાં રહેતો દેશરાજ અહિરવાર ગામમાં રોડ બનાવવાનું કામ કરતો હતો, ત્યારે મજાક મજાકમાં તેણે રામ કિરપાલ પટેલના હાથમાં ગ્રીસ લગાડ્યું હતું. આનાથી ગુસ્સે થઈને રામ કિરપાલ પટેલે તેની સાથે મારપીટ કરી એટલું જ નહીં તેના મોઢામાં માનવ મળમૂત્ર પણ નાખ્યું હતું.

પીડિત દેશરાજ અહિરવારનો આરોપ છે કે રામ કિરપાલ પટેલે તેના મોંમાં જબરદસ્તીથી માનવ મળમૂત્ર નાખ્યું હતું. આ ઘટના શુક્રવારે બપોરે ૧૨ વાગ્યે બની હતી. દેશરાજ કહે છે કે આ ઘટના બાદ તે ડરી ગયો હતો અને તેથી જ તે દિવસે તે પોલીસ પાસે એફઆઈઆર નોંધાવી શક્યો નહોતો.

પીડિત દેશરાજે જણાવ્યું હતું કે આ ઘટના પછી જયારે મેં મારી અગ્નિપરીક્ષા ગામના લોકોને જણાવી ત્યારે ગામના લોકોએ પંચાયત બોલાવી અને રામ કિરપાલ પટેલ સામે કાર્યવાહી કરવાને બદલે મારી પાસેથી ૬૦૦ રૂપિયાનો દંડ લીધો હતો.

છેલ્લા બે મહિનામાં જમ્મુ કાશ્મીરમાં ૨૧ આતંકવાદીઓ ઠાર મરાયા

જમ્મુ તા. ૨૪

સેના સતત સરહદ પારથી આતંકવાદીઓના નાપાક મનસૂબાને કચડી રહી છે. જૂન અને જુલાઈ મહિનામાં સેનાના જવાનોએ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓના નાપાક ઈરાદાને સફળ થવા દીધા નથી. અહેવાલો અનુસાર, આ બે મહિનામાં સેનાએ ખીણમાંથી ૨૧ આતંકીઓને એન્કાઉન્ટરમાં ઠાર કર્યા છે. સુરક્ષા દળો દ્વારા આ આંકડા ૧ જૂનથી ૨૦ જુલાઈ વચ્ચે જાહેર કરવામાં આવ્યા છે. જાન્યુઆરીથી એપ્રિલ વચ્ચે જમ્મુ અને કાશ્મીરમાં માર્યા ગયેલા આતંકવાદીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો.

લેહમાં પણ વાદળ ફાટવાની ઘટના અમરનાથ યાત્રા રોકી દેવાઈ

જમ્મુ તા. ૨૪

૧૦ વર્ષ પછી બરફનું રેગિસ્તાન ગણાતા લડાખના લેહ કસ્બામાં વાદળો ફાટવાની ઘટના અને વરસાદે કહેર મચાવ્યો છે. લેઆની સડકો તૂટી ગઈ છે, ઘણા વિસ્તારોમાં પાણી ભરાયા છે. જનજીવન ઠપ્પ થઈ ગયું. લેહના પહાડોમાં વાદળ ફાટતા ભારે ગતીથી પાણી લોકોના ઘરો સુધી આવીગયેલ. રાત્રે પાણી ધસી આવતા મોટરો-દુકાન- સંપતિને મોટુ નુકશાન થયું છે. લોકો ઘર છોડી રસ્તા ઉપર આવી ગયેલ. પ્રસિધ્ધ લેહની બજારમાં અનેક દુકાનોમાં કીચડ અને પાણી ભરાયા છે. કાશ્મીરના રામબનમાં ભારે વરસાદને લીધે ભૂસ્ખલન થયું છે. અમરનાથ યાત્રાને રામબનમાં રોકી દેવાયેલ છે. ૩૦૦૦ યાત્રાળુ જમ્મુથી રવાના થયેલ. જમ્મુ-શ્રીનગર હાઈ-વે બંધ કરાયો છે. જમ્મુના ડોડામાં વાદળ ફાટતા રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યા. નદીઓ માં પૂર આવ્યા છે. આજે કોટા નાલામાં વાદળ ફાટતા ભારે તબાહી મચી છે. થલીલા-ચિરાલા લીંક રોડનો આખો હિસ્સો તણાઈ ગયો છે.

આકાશી આફત અને તારાજીની તાંડવની બોલતી તસ્વીર

જૂનાગઢ શહેરમાં ભારે વરસાદ અને પૂર પ્રકોપને કારણે શનિવારે આકાશી આફત વચ્ચે સમગ્ર શહેર પાણીમાં ગળાડુબ બન્યું હતું અને ભયનાં માહોલ વચ્ચે કલ્પના ન કરી શકાય તેવા દ્રશ્યો સર્જાયા હતા. જૂનાગઢ શહેરની જે કફોડી હાલત થઈ હતી તેની આ બોલતી તસ્વીરો

રાયજીબાગ



આલ્ફા સ્કુલ નજીકનાં રાયજીબાગમાં કાર તણાઈ

રાયજીબાગ

પોલીસ તેમજ સ્થાનીક મદદગારોની ટીમ

રાયજીબાગ



તણાયેલી કારનો ઢગલો

રાયજીબાગ



પાણીમાં તરતી કાર

રાયજીબાગ



પાણીમાં તરતી કાર

રાયજીબાગ



પાણીમાં તરતી કાર

રાયજીબાગ



પાણીમાં તરતી કાર

દોલતપરા



દોલતપરામાં અનેક વાહનો ફસાયા

કારની નીચે બાઈક ફસાયું

કારની નીચે સ્કુટર ફસાયું

પાર્કીંગમાં તરતી કાર

જૂનાગઢ મનપા કચેરી

પાણીમાં પશુઓ તણાયા

વાઘેશ્વરી મંદીર નજીક મગર તણાઈ આવી







જૂનાગઢ પાણી... પાણી...

મોતીબાગ કૃષિ યુનિવર્સિટીનાં બંને ગેટ પાસે ફસાયેલા વાહનો અને ટાયરો, લારી, કેબીનો વગેરેનાં ઢગલા દર્શાય છે

ભારે વરસાદના પૂરમાંથી બચેલા ભુપતભાઈએ જણાવી પોતાની આપવીતી

અમનેબચાવવામાં૧૦મિનિટમોડુંથયુંહોતતોઅમેજીવતાનરહ્યાહોતઃએનડીઆરએફ, પોલીસ અને ફાયરના દિલધડક રેસ્ક્યુથી ચાર લોકોની જિંદગી બચી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં સર્જાયેલ પૂરની સ્થિતિને કારણે ભારે નુકસાન થયું છે. લોકોનું કહેવું છે કે, આવી સ્થિતિને ક્યારેય જોઈ નથી. તો જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસની કામગીરીને કારણે લોકોના જીવ પણ બચી ગયા છે. જેમાં ટીંબાવાડી, મંગલધામ-૩ પાસે ઝૂંપડામાં અચાનક પાણી આવી જતા ચાર લોકો ફસાયા હતા. પરંતુ એનડીઆરએફ, પોલીસ અને ફાયરના દિલધડક રેસ્ક્યુ થકી તેમને સહી સલામત બચાવી લેવામાં આવ્યા છે. પૂરમાં ફસાયેલ અને સહી સલામત બચી ગયેલા ભુપતભાઈ રમેશભાઈ બરાસા એ જણાવ્યું હતું કે, ટીંબાવાડી, મંગલધામ-૩, રાજરાજેશ્વરી એપાર્ટમેન્ટ પાસે ચાર-પાંચ ઝુંપડા બાંધીને રહીએ છીએ, કાલે ભારે વરસાદને કારણે અમને ડર લાગતા બાળકો અને મહિલાઓને પહેલા સામેના એપાર્ટમેન્ટમાં મૂકી આવ્યા હતા. પરંતુ કૃષિ યુનિવર્સિટીની દીવાલ અચાનક ધરાશાય થઈ જતા પાણી ઝૂંપડાની માથે ફરી વળ્યું હતું. જે સમયે બે મહિલા અને અમે બે પુરૂષ ફસાયા હતા. અમારી પાસે મોબાઈલ હતા તે પણ પલળી ગયા હોવાથી તે બંધ થઈ ગયા. અમે બચાવો-બચાવોની બૂમ પાડતા હોવાથી આજુબાજુની સોસાયટી અને એપાર્ટમેન્ટના લોકો એકઠા થઈ ગયા અને તંત્ર અને પોલીસને જાણ કરી હતી. પોલીસ અને તંત્રના લોકો ક્યારે આવશે અને જીવી જશું કે બચી જશું, તેવા વિચારો આવતા હતા. પરંતુ ભગવાનને મનમાં ને મનમાં પ્રાર્થના કરતા હતા કે, હે ભગવાન અમને બચાવી લેજે, એ જ સમયે કેસરી કલરના કપડા પહેરેલા માણસો(**NDRF**) આવી ગયા. દોરડાની મદદથી અમને પાણીમાંથી બચાવી લીધા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જો આ **NDRF**ની ટીમ ૧૦ મિનિટ મોડા આવ્યા હોત, તો અમે પાણીમાં તણાઈ ગયા હોત અને અમે જીવતા ન રહ્યા હોત, અમને બહાર કાઢ્યા પછી બાજુના એપાર્ટમેન્ટ વાળા લોકોએ અમને રહેવાનો આશરો આપ્યો અને તંત્ર દ્વારા ફૂડ પેકેટની વ્યવસ્થા કરી આપી હતી. કલેક્ટર, પોલીસ અને **NDRF**નો આભાર કે આજે તેમના કારણે અમે જીવતા રહ્યા છીએ.

જૂનાગઢ શહેરના અસરગ્રસ્તો માટે ૩૪ હજાર ફૂડ પેકેટ તૈયાર : જરૂરિયાતમંદોને કરાતું વિતરણ

રાજકોટ અને ગીર-સોમનાથ જિલ્લા પ્રશાસને પણ સેવાભાવી સંસ્થાઓની મદદથી ફૂડ પેકેટ મોકલ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ શહેરના અસરગ્રસ્તો માટે ૩૪૦૦૦ જેટલા ફૂડ પેકેટ તૈયાર થઈ ચૂક્યા છે. સાથે જ આ ફૂડ પેકેટ્સનું જરૂરિયાતમંદો સુધી અવિરતપણે વિતરણ ચાલુ છે. સંકટના આ સમયમાં સેવાભાવી સંસ્થાઓ આગળ આવી છે. ઉપરાંત રાજકોટ અને ગીર સોમનાથ જિલ્લા પ્રશાસનને પણ સેવાકીય સંસ્થાઓની મદદથી જૂનાગઢ માટે ફોડ પેકેટ્સ મોકલી

આપ્યા છે. તેમજ જૂનાગઢની આજુબાજુના તાલુકાઓએ પણ ફૂડ પેકેટ્સ મોકલ્યા છે. ઉલ્લેખનીય છે કે, ૩૪ હજાર ઉપરાંત વધુ ૩૦ હજાર જેટલા ફૂડ પેકેટ્સ સેવાભાવી સંસ્થાઓની મદદથી બનાવવામાં આવી રહ્યા છે. કલેકટર અનિલ કુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જિલ્લા પુરવઠા અધિકારી અને ઈન્ચાર્જ પ્રાંત અધિકારી રીનાબેન ચૌધરી ફૂડ પેકેટ્સ બનાવવા અને વિતરણ માટે જરૂરી સંકલન કરી રહ્યા છે.

અતિવૃષ્ટિની સ્થિતિમાં સામૂહિક સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલનું તંત્ર સજ્જ

સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સીમાં ૩૦ બેડ જનરેટર સહિતની વ્યવસ્થા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ જિલ્લામાં હાલની વરસાદની પરિસ્થિતિ અને હજુ બે દિવસની આગાહી ધ્યાને લઈને સિવિલ હોસ્પિટલ દ્વારા જરૂરી તકેદારીના પૂર્વ પગલાં લેવામાં આવ્યા છે. સિવિલ સર્જન ડો. પાલાએ જણાવ્યું હતું કે જિલ્લા કલેકટર, પોલીસ સહિતના અધિકારીઓ સાથે સિવિલ હોસ્પિટલનું તંત્રના સંપર્ક -સંકલનમાં છે અને હજુ સુધી સામૂહિક જાનહાનીનો કોઈ બનાવ- કેસ સિવિલ હોસ્પિટલમાં નોંધાયો નથી. સિવિલ હોસ્પિટલના તંત્ર દ્વારા આ સ્થિતિમાં ૩૦ બેડ તૈયાર કરવામાં આવ્યા છે. ઓક્સિજન સહિતની વ્યવસ્થાઓ પણ છે. હાલની સ્થિતિમાં આજે ૧૨ સગર્ભા બહેનો દાખલ કરવામાં આવી હતી. જેની તબિયત સામાન્ય છે. અતિવૃષ્ટિની સ્થિતિમાં અસરગ્રસ્ત ઈજાગ્રસ્ત લોકોની તાત્કાલિક સારવાર માં કોઈ તકલીફ ના પડે તે માટે જનરેટરના સેટ પણ તૈયાર રાખવામાં આવ્યા છે.

બિલખાનાં પીએસઆઈ ચુડાસમાની પ્રશંસનીય કામગીરી

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા. ૨૪

બિલખામાં આવેલ પુર હોનારતની ભયંકર આફત દરમ્યાન ચાલુ પુરમાં બિલખાનાં પીએસઆઈ રાજેન્દ્રસિંહ ચુડાસમા અને તમામ સ્ટાફ દ્વારા સતત લોકોની વચ્ચે રહી સુંદર કામગીરી કરીને લોકોનાં હૃદય જીતી લીધા હતાં. બિલખા પીએસઆઈ દ્વારા પોલીસ વાનનાં માઈક દ્વારા સતત ફરીને લોકોને સાવધાન કર્યા હતાં. અને જરૂર પડયે પોલીસનો સંપર્ક કરવા વિનંતી કરી હતી.

બિલખામાં નદીઓનાં પાણી ઘરમાં ઘુસી જતાં લાખો રૂપિયાની નુકશાની



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

નાગ્રેચા વાડીમાં આવેલ રેલ્વેનો પુલ ધોવાઈ ગયો

બિલખા તા. ૨૪

બિલખામાં ગત તા. ૨૨ જુલાઈનાં રોજ જંગલવિસ્તારમાં ધોધમાર વરસાદ પડતા બિલખાનું રાવત સાગર તળાવ ભયંકર રીતે ઓવરફલો થયેલ જેનાં પરીણામે બપોરનાં ઉવાગ્યે અચાનક બિલખાની તમામ નદીઓમાં ભયંકર પુર આવી ગયેલ જેના લીધે નાગ્રેચા વાડી, નીચલુ પરૂ, મસ્જીદ પાસેનાં નદીકાંઠાનાં વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘુસી ગયા હતાં. પરીણામે અનેક કુટુંબોની કિંમતી ઘરવખરી તબાહ થઈ ગયેલ છે. અને ઘણા લોકોનાં મકાનો પડી ગયા હતાં. જેનાં કારણે સેંકડો કુટુંબોની કિંમતી ઘરવખરી બરબાદ થઈ ગયેલ હોય તંત્ર દ્વારા તાત્કાલીક સર્વે કરી આવા કુટુંબોને કેશડોલ ચુકવવામાં આવે તેવી માંગ ઉઠી છે. તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી આવા ગરીબ અને મધ્યમવર્ગનાં લોકોને કેશડોલ આપવામાં આવે એ જ જનતાનાં હિતમાં રહેશે.

ગીર સોમનાથ જીલ્લામાં જુલાઈ માસમાં જ વરસાદનો રેઈનફોલ

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસપાટણ તા. ૨૪

દર વર્ષે વરસાદ માગવાની ધૂન સોમનાથમાં બોલાવવામાં આવતી પણ મેઘરાજા હે.. કી.. માનતા નહીં.. જાણે કાઠીયાવડમાં કોક 'દી' ભૂલો પડ મેઘરાજ તને સ્વર્ગભુલાવું મેઘરાજ' જે ડાયરાઓમાં બહુ ગવાયેલી પંકિતઓ અને મહેમાનગતી પસંદ જ પડી ગઈ હોય તેમ જબ્બર હેત અને વરસાદે પડાવ નાંખ્યો છે. વર વર્ષે વરસોથી જુલાઈ માસ સુધીમાં મૌસમનો કુલ વરસાદ માત્ર ત્રણ આંકડાઓમાં જ આવતો. આ વખતે ગીર સોમનાથના બધાય માત્ર બે તાલુકા સિવાય બધાય તાલુકાઓમાં ચાર આંકડામાં વરસાદ નોંધાયો હતો.

:: અવસાન નોંધ ::

જૂનાગઢ : સ્વ. વિજયાબેન બાબુલાલ માધવાણી (ઉ.વ. ૮૫) તે નવીચંદ્ર બાબુલાલ માધવાણી, જયેશભાઈ બાબુલાલ માધવાણીનાં માતા, સચિન, વિજેતા, દિપેશનાં દાદીમાં તા. ૨૩-૭-૨૩નાં રોજ હરીચરણ પામેલ છે. સદગતનું બેસણું તા. ૨૪-૭-૨૩ સોમવારનાં રોજ ૪ થી ૬, સિધ્ધનાથ મંદિર, ઝાંઝારડા રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

બિલખામાં પુર હોનારત બાદ આરોગ્ય કર્મચારીઓની સરાહનીય કામગીરી

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા. ૨૪

બિલખામાં ગત તા. ૨૨ જુલાઈનાં રોજ ભયંકર પુર હોનારતને લીધે લોકોનાં ઘરોમાં પાણી ઘુસી ગયા હતાં જેને લઈને રોગચાળો ફેલાઈ તેવી ભીતી હતી. પરંતુ આરોગ્ય વિભાગનાં કર્મચારીઓ કિશનભાઈ વૈદ્ય તેમજ દિપકભાઈ પરમારે આવા તમામ પીડીત પરીવારોની મુલાકાત લઈ ચેકઅપ કરી લોકોને જરૂરી દવાઓ પુરી પાડી અને માર્ગદર્શન આપેલ હતું. આમ રવિવારનાં દિવસે રજા હોવા છતાં આરોગ્ય કર્મચારીઓની આવી સુંદર કામગીરીનાં કારણે લોકોમાં રાહત જોવા મળી હતી.

જૂનાગઢમાં સાફ-સફાઈ માટે ભાવનગર અને અમરેલી જિલ્લાની ૯ નગરપાલિકાની ટીમોની સઘન કામગીરી

જૂનાગઢ મહાનગરપાલિકાની સાથે મદદમાં સાફ-સફાઈ માટે રાઉન્ડ ધ ક્લોક કામગીરી જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગરપાલિકાના સંકલનથી સોસાયટીના રસ્તાઓ ઉપર પૂરમાં તણાઈને આવેલો કચરો બહાર કાઢી દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં ગિરનાર ઉપર પડેલા ભારે વરસાદના કારણે આવેલા પૂર થી કાળવાનાં બંને કાંઠે આવેલી સોસાયટીઓમાં પાણીનો પ્રચંડ પ્રવાહ વહેતા સર્જાયેલી તારાજી બાદ રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ જૂનાગઢમાં મોટાપાયે સાફ-સફાઈની કામગીરી ચાલી રહી છે. જૂનાગઢમાં સફાઈ કાર્યને અગ્રતા આપવામાં આવી છે. જૂનાગઢ કલેક્ટર અનિલ રાણાવસિયા મ્યુનિસિપલ કમિશનર રાજેશ તન્ના સહિતના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકાની ટીમો ઉપરાંત સૌરાષ્ટ્રમાંથી ખાસ કરીને અમરેલી ને ભાવનગર જિલ્લાની નવ નગરપાલિકાની ટીમો જુદા જુદા વિસ્તારો આઈડેન્ટીફાય કરી તણાઈ આવેલો કચરો ગંદકી વિગેરે બહાર કાઢી વિવિધ સાધનો અને માનવબળથી કામગીરી કરી રહી છે. રાજકોટ મહાનગરપાલિકાની વેક્યુમ પંપ ટેક્ર થી પાણી બહાર કાઢવામાં આવી રહ્યું છે. બપોર બાદ પણ રાજકોટની એક ટીમ રાહતની કામગીરી માટે આવી રહી છે. સફાઈ કાર્યનું સંકલન કરી રહેલા અધિકારીએ જણાવ્યું હતું કે બાબરા નગરપાલિકામાંથી ૧૦ સભ્યોની ટીમ ડ્રીમલેન્ડ ગોકુલ નગર વિસ્તારમાં સફાઈ કાર્ય કરી રહી છે તો પાલીતાણા ની ટીમ લક્ષ્મીનગરમાં છે. બગસરાની ૧૪ની ટીમ રાયજીબાગમાં અને વલભીપુર નગરપાલિકાની ૧૧ સભ્યોની ટીમ ગણેશ નગર વિસ્તારમાં શ્રમ યજ્ઞ કરી રહી છે. દામનગરની ૮ કર્મીઓની ટીમ વાહન સાથે કાશી વિશ્વનાથ સોસાયટીમાં અને લાઠી નગરપાલિકાનીની ટીમ રાયજીબાગમાં કામ કરી રહી છે. અમરેલી નગરપાલિકાના ૧૫ કર્મચારીઓ કલેકટર કચેરી આસપાસ તેમજ સાવરકુંડલાના ૨૨ કામદારોની ટીમ વૈભવ ચોકથી બસ સ્ટેશન નો વિસ્તાર સાફ કરી રહ્યા છે. રાજુલાની ટીમ સરદાર બાગ આસપાસ સફાઈ કાર્ય કરી રહી છે.

જૂનાગઢમાં સફાઈ કાર્ય વહેલાસર પૂર્ણ કરવા પ્રશાસન એક્શન મોડમાં

અમદાવાદ મહાનગરપાલિકાનો ૧૮૦નો સફાઈ સ્ટાફ જૂનાગઢ રવાના : રાજકોટથી ૭૩ સભ્યોની ટીમ પણ આવી રહી છે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં પડેલા ભારે વરસાદથી સોસાયટીમાં આવેલો કચરો તેમજ ગંદકી દૂર કરવા પ્રશાસન દ્વારા એક્શન મોડમાં કામગીરી કરવામાં આવી રહી છે. રોગચાળો ન થાય તે માટે તકેદારી રાખવામાં આવી રહી છે. અસરગ્રસ્ત વિસ્તારમાં લોકોને પણ જરૂરી તકેદારી રાખવા સમજુત કરવામાં આવી

રહ્યા છે. અમરેલી અને ભાવનગર ની નગરપાલિકાની ટીમો આવ્યા પછી અમદાવાદ મહાનગરપાલિકાની ૧૮૦ સભ્યોની ટીમ તેમજ રાજકોટથી ૭૩ કર્મચારીઓ પણ બપોર બાદ સાંજ સુધીમાં જૂનાગઢ સફાઈ કાર્ય માટે-દવા સાથે સેનિટેશન માટે આવશે. જૂનાગઢ મનપાના ૬૦૦ કર્મીઓ પણ જુદા જુદા વિસ્તારમાં સફાઈ કાર્ય કરી રહ્યા છે.

જૂનાગઢની ૧૦૮ની ટીમ દ્વારા માતા-બાળકને તત્કાલ સારવાર આપી

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢમાં ગઈકાલ તા. ૨૩-૭-૨૩નાં રોજ જૂનાગઢ તાલુકાનાં મજવેડી રોડ ગલિયાવાડ વાડી વિસ્તારમાં રાતે ૨૦.૧૨ વાગે ડિલેવરીનો કેસ મળેલ ૧૦૮ ની ટીમ સ્થળ ઉપર પહોંચવા રવાના થઈ હતી. પણ દર્દીનાં ઘર નજીક ૫૦૦ થી ૭૦૦ મીટર ભારે વરસાદનાં લીધે રસ્તો તુટી ગયેલ જણાતાં ટીમનાં વનરાજ સિસોદિયા અને પાઈલોટ જીતુદાન ગઢવી ચાલીને તાત્કાલિક દર્દી નાં ઘરે પહોંચેલ, દર્દીનાં ઘરે પહોંચતા જાણવા મળ્યું કે માતાની ડિલિવરી થઈ ગઈ છે ત્યાર બાદ જરૂરી સાધનો દ્વારા માતા અને બાળકની તપાસ કરતા જણાયું કે બાળક રડતું નથી અને ધબકારા પણ ઓછા મળે છે. ૧૦૮ સ્ટાફ દ્વારા થોડું પણ મોડું કર્યા વગર તાત્કાલિક એમ્બ્યુલન્સમાં ખસેડવામાં આવ્યા અને કૃત્રિમ શ્વાસ અને ઓક્સિજન આપી તત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ માતા અને બાળક સુરક્ષિત છે અને દર્દીના પરિવારજનોએ ૧૦૮નાં સ્ટાફનો આભાર માન્યો હતો.

અંધ બાળકોનાં શિક્ષક હવે બે નેત્રહીનની આંખો બનશે

જૂનાગઢનાં શિક્ષક રાજુભાઈ મહેતા પડી જતાં માથામાં ઈજાથી બ્રેઈનડેડ થતા પરીવારી લીધો અંગદાનનો નિર્ણય

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૪

જગતમાં ઘણા એવા સેવાભાવીઓ છે જેમણે પોતાનું જીવન સેવા માટે અર્પી દીધું છે. અને અમુક તો મૃત્યું બાદ પણ સેવાની ધુણી ધખાવતા જાય છે. આવા જ કિસ્સામાં જૂનાગઢનાં રાજુભાઈ મહેતાનું નામ અમર થઈ ગયું છે. જેમણે આખું જીવન અંધ બાળકો માટે સમર્પિત કરી દીધું અને મૃત્યું બાદ પણ અંગદાન થકી બે અંધને આંખોની રોશની અપાવી છે.

જૂનાગઢનાં માળીયા હાટીનામાં રહેતા રાજુભાઈ મણીશંકર મહેતા છેલ્લા ૨૫ વર્ષથી અંધ બાળકોની શાળામાં વિશિષ્ટ શિક્ષક તરીકે સેવા નિભાવતા હતાં. તેમના પત્ની પ્રેમીલાબેન પણ શિક્ષણ યક્ષમાં તેમની સાથે જ રહયા. આ સેવાનો નિત્યક્રમ રોજ ચાલતો હતો પણ એક દિવસ સવારે રાજુભાઈને અચાનક ચકકર આવતા તેઓ ઢળી પડયા હતાં. જેથી તેમને તુરંત હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતાં. તેમના એક પુત્રી ડો. શ્રધ્ધા ભાર્ગવ સિણોજીયા તબીબ હોવાથી તેમતે તુરત જ જૂનાગઢ જવા સલાહ આપી. જૂનાગઢ બાદ તેમને રાજકોટની ખાનગી હોસ્પીટલમાં સારવાર માટે ખસેડાયા હતાં. પણ સારવાર કાગર નીવડીન હતી અને વિવિધ રીપોર્ટ બાદ તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતાં.

પરીવારનાં મોભી બ્રેઈજડેડ જાહેર થતા ઓમેગા હોસ્પીટલમાં ડો. ભાર્ગવ સિણોજીયા, ડો. યતિન સવસાણીએ રાજુભાઈનાં પરીવારનો અંગદાન વિષે જણાવતા બધા તૈયાર થયા હતાં. અને સેવાભાવી પિતાને અન્યમાં જીવાડવાથી મોટું આ પવિત્ર માસમાં કોઈ પુણ્ય નથી તેવું જણાવ્યું હતું. અંગદાનની મંજુરી આવતાં જ અમદાવાદ સિમ્સ હોસ્પીટલમાંથી નિષ્ણાંત તબીબોની ટીમ આવી હતી અને બંને હોસ્પીટલની ટીમે બંને આખં, કિડની, લીવર હાર્વેસ્ટ કરાયા હતાં. અને ગ્રીન કોરીડોર મારફત અમદાવાદ પહોંચાડાયા હતાં. જયાં અન્ય દર્દીઓમાં ટ્રાન્સપ્લાન્ટ કરાશે.

પૂજારા ટેલીકોમની પ્રશંસનીય કામગીરી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૪ : વર્ષો બાદ જૂનાગઢમાં ૧૯૮૩ પછી પહેલીવાર અતિ વૃષ્ટિ થયેલ છે. વરસાદમાં ભારે નુકસાન થયેલ અતિ પાણીના પુર તેમજ વરસાદના કારણે ઘણા લોકો ઘર વિહોણા થયેલ તેમજ ખાવાપીવાની હાલત પણ બગડેલ હતી. તો પૂજારા ટેલિકોમના એમડી યોગેશભાઈ પૂજારા તેમજ રાહિલભાઈ પૂજારાના માર્ગદર્શન હેઠળ આશિષભાઈ આચાર્ય તેમજ સંજયભાઈ રાઠોડએ ફૂડ પેકેટ ગરીબ માણસોને તેમજ જરૂરિયાતમંદ વ્યક્તિઓને વિતરણ કરી એ લોકોના દુઃખમાં ભાગ લીધો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

'આપ'ની ઝાટકણી

સત્તામાં આવતાં જ રાજકીય પક્ષોની પ્રાથમિકતાઓ બદલાઈ જાય છે

એ વિટંબણા જ કહી શકાય કે જનતાનાં હિતોની દુહાઈ આપીને સત્તામાં આવતાં જ રાજકીય પક્ષોની પ્રાથમિકતાઓ બદલાઈ જાય છે. દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિ એ છે કે થોડા સરખા કામને એ રીતે પ્રચારિત કરવામાં આવે છે જાણે ધરતી પર સ્વર્ગ ઉતરી આવ્યું હોય. જ્યારે હકીકતમાં જનતાના કરના પૈસા નિર્મમતાથી પ્રચાર-પ્રસારમાં ફૂંકી મારવામાં આવે છે. વિકાસની પ્રાથમિકતાઓને બાજુમાં હડસેલીને સરકારી ધનને જાહેરાતો અને નકામા ખર્ચામાં વેડફનારી દિલ્હી સરકારનાં કરતૂતો પર સુપ્રીમ કોર્ટની ફટકાર આ જ સંદર્ભમાં જોવી જોઈએ. અદાલતે કડક ભાષામાં કહ્યું કે એવું કેમ છે કે લોકોની મૂળભૂત સુવિધાઓના વિસ્તાર માટે સરકાર પાસે પૈસા નથી, તો પછી જાહેરાતો પર એલફેલ ખર્ચ થનારાં નાણાં ક્યાંથી આવે છે? અસલમાં દિલ્હી સરકારે સુપ્રીમ કોર્ટના નિર્દેશ છતાં રેપિડ રેલ પરિયોજના માટે આર્થિક યોગદાન આપવામાં નાણાંકીય સંકટનાં રોદણાં રડ્યાં હતાં. એવામાં સવાલ ઊઠવો સ્વાભાવિક છે કે જનહિતની યોજનાઓમાં યોગદાન કરવાથી ખચકાતી સરકાર જાહેરાતો અને અન્ય બિનજરૂરી કામો માટે ધન ક્યાંથી લાવતી હશે? એ જ કારણ છે કે દિલ્હી સરકારની દાનત પારખી જતાં શીર્ષ અદાલતે જાહેરાતો પર ખર્ચ કરેલા નાણાંની વિગતો તેની પાસે માંગી છે, જે છેલ્લા ત્રણ વર્ષોમાં કર્યા હોય. જે રેપિડ રેલ પરિયોજનામાં દિલ્હી સરકારે યોગદાન આપવાની ના પાડી હતી તે દિલ્હીને રાજસ્થાન અને હરિયાણા સાથે જોડી શકે છે. તેનાથી સડકો પર ટ્રાફિકના દબાણને ઓછો કરવામાં મદદ મળી શકતી હતી. માહિતી અધિકારના કાયદા હેઠળ મળલ જાણકારી અનુસાર છેલ્લા કેટલાક વર્ષોમાં દલ્હી સરકાર દ્વારા જાહેરાતો પર કરાતો ખર્ચ પાંચસો કરોડ રૂપિયાની નજીક પહોંચી ગયો છે. નિશ્ચિતપણે આ લોકતંત્રમાં જનધનના દુરુપયોગની પરાકાષ્ઠા છે.

એવામાં સવાલ ઊઠવો સ્વાભાવિક છે કે જનતાને આંબલી-પીપળી દેખાડીને અને રેવડીઓનું પ્રલોભન આપીને સત્તામાં આવેલા રાજકીય પક્ષોનું વાસ્તવિક ચરિત્ર શું છે. આવે પક્ષોની કથની અને કરણીની વાસ્તવિકતા શું છે. અંધાધૂંધ જાહેરાતો પર ખર્ચ કરીને રાજકીય પક્ષો શું હાંસલ કરવા માંગે છે? શું આ પ્રચારની ભૂખ છે કે પોતાની નિષ્ફળતાઓ પર પડદો પાડવાનો અસફળ પ્રયાસ? આ જ આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે બીજી સરકારોનો નકામો ખર્ચ અને રાજકીય પક્ષોના પ્રચાર પર નાણાં ખર્ચ કરવા પર સવાલ ઉઠાવ્યા હતા. જનતાએ આપના દાવા પર ભરોસો પણ કર્યો અને અપાર જનસમર્થન આપ્યું હતું. પરંતુ પરિણામ એ જ રહ્યું. અસલમાં જ્યારથી આમ આદમી પાર્ટી પોતે સત્તામાં આવી છે ત્યારથી રાજ્ય સરકારની નીતિ-રીતિ જૂની સરકારોના ચીલે જ ચાલી નીકળી છે. આ પ્રકરણથી જનતાની એ ધારણાને પણ બળ મળ્યું છે કે સત્તામાં આવ્યા બાદ વિભિન્ન રાજકીય પક્ષોની સરકારોનું ચરિત્ર એક જેવું જ થઈ જાય છે. છેલ્લા કેટલાક સમયથી ચૂંટણી દરમ્યાન મતદાનની ટકાવારીમાં ઘટાડો નોંધાયો છે તો તેનું એક મોટું કારણ રાજનેતાઓની કથની-કરણીનું અંતર પણ છે. આ દિશામાં શીર્ષ અદાલતની સચેતક ભૂમિકાની પ્રશંસા થવી જોઈએ. એનાથી જનતાના નાણાંના દુરુપયોગની પ્રવૃતિ પર અંકુશ લગાવવામાં મદદ મળી શકશે.

માતાનું બ્રેઈનહેમરેજ થયું તો પુત્રએ હૃદયનું અંગ દાન કર્યું

ભાવનગર,તા.૨૪

ભાવનગરના તળાજા તાલુકાના બારૈયા પરિવાર ઉપર ૧૦ મી જુલાઈએ એકાએક આફત આવી. બારૈયા પરિવારના ગૃહિણી ૩૯ વર્ષીય નીતાબહેનને બ્રેઈનહેમરેજ થયું. સઘન સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમા લાવવામાં આવ્યા. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંદાજીત ૧૦ દિવસ સુધી જીંદગી અને મોત વચ્ચે ઝઝુમ્યા બાદ ૨૦મી જુલાઈની રાત સમગ્ર હોસ્પિટલ માટે એક ભાવુક રાત બની રહી હતી. નીતાબહેનને એક પુત્ર છે મીલન. આ પુત્રને શિક્ષિત બનાવીને પગભર કરવા કોલેજમાં એડમિશન અપાવ્યું. પરંતુ વીધીના લેખ તો કંઈક અલગ જ સ્યાહીથી લખાયા હતા.સિવિલ હોસ્પિટલમાં દસ દિવસની સઘન સારવારના અંતે બ્રેઈનડેડ થયેલ નીતાબહેનના અંગોના દાનનો નિર્ણય ખુદ તેમના દિકરાએ કર્યો.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અહિંસા વિના મનુષ્યના જીવનમાં સુખ નથી આવતું.
- જીતોત્તમસુરીજી મહારાજ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ સુદ-૬, તા.૨૪ જુલાઈ ૨૦૨૩, સોમવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૫, હસ્ત નક્ષત્ર, શિવ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૧૮, સૂ.અ.૭:૩૫

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

ગ્રીન કોમ્યુનિટી/ ચૈતન્ય ટ્રસ્ટ તરફથી ૫૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કાર્યક્રમ

શું તમે જાણો છો દર સેકન્ડે એક ફૂટબોલ ના ગ્રાઉન્ડ જેટલું જંગલ ઓછું થાય છે અને તેટલા વૃક્ષો કપાય છે શું તમે જાણો છો દર વર્ષે ભારતમાં ૨૦ લાખ લોકોપ્રદૂષિત હવાને લીધે સમય કરતાવહેલા મૃત્યુપામેછે શુંતમે જાણો છો દુનિયામાં બે કરોડ લોકો અને ભારતમાં છ લાખ લોકો દર વર્ષે અશુદ્ધ પાણી પીવાથી મોતને ભેટે છે શું તમને ખ્યાલ છે કે રોજના ૨૭૦૦૦ વૃક્ષો અને વર્ષના એક કરોડ વૃક્ષો નું નિકંદન પેપર નેપકીન બનાવવા માટે કરવામાં આવે છે? છેલ્લા ૯૦૦૦વર્ષમાં જેટલું જંગલ ઓછું નહોતું થયું તેટલું જંગલ છેલ્લા ૧૦૦ વર્ષમાં થઈ ગયુંછે, શુંતમે જાણો છો કે ભારત આઠમું સૌથી પ્રદુષિત દેશ તરીકે જાણીતો છે, એ દુનિયામાં સૌથી વધારે પ્રદુષણ ફેલાવતા ૨૯ શહેરોમાંથી ૨૧ શહેરો ભારતમાં આવેલા છે, ૯૧% ટકા લોકો પ્રદૂષિત હવા લઈ રહ્યા છે એટલે કે ૧૦ માંથી નવ લોકો પ્રદૂષિત હવાનો શિકાર બની ગયેલ છેપ

જામનગરમાં વૃક્ષોનું આવરણ હાલ ૧૦% છે તેનાથી વધારીને ૫૦% કરવા માટે એક મહા અભિયાન ક્લીન એનેગ્રીન જામનગરના નેજાહેઠળ કરવામાં આવી રહ્યું છે આ અંતર્ગત ગ્રીન કોમ્યુનિટી ચૈતન્ય ટ્રસ્ટ તરફથી તારીખ ૨૫જુલાઈ ૨૦૨૩ ના રોજ સવારે ૮:૦૦થી ૧૦:૦૦ વાગ્યા દરમિયાન આર્મી ટ્રેનિંગ સેન્ટર, એમ પી શાહ મેડિકલ કોલેજનીબાજુમાં, જીંઝટ્રાવેલ્સ ઓફિસ વાળા રોડ, જામનગર ખાતે ૫૦૦ ફુટના એટલે કે ફળાઉ વૃક્ષોનુંવાવેતર કરવા માટે એક પ્લાન્ટેશન ડ્રાઈવ નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જાહેર જનતાને ભાગ લેવા માટે આમંત્રણ છે. કાર્યક્રમમાં આવતા પહેલા રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે રજીસ્ટ્રેશન માટે તમારું નામ ૭૪૦૫૭૭૫૭૮૭મોબાઈલ નંબર ઉપર હિતેશ પંડ્યાને whatsapp કરવાનું રહેશે.

આ પ્લાન્ટેશન કાર્યક્રમને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય મહેમાન તરીકે જામનગરના પ્રથમ નાગરિક અને મેયર શ્રી બીનાબેન કોઠારી તેમજ જામનગરના એમ.એલ.એ શ્રી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા જામનગરમાં ૫૦% વૃક્ષોનું આવરણ વધારવાના આ અભિયાનને આગળ લઈ જવા માટે ઉપસ્થિત રહેશે.

આ અગાઉ ગ્રીન કોમ્યુનિટી ચૈતન્ય ટ્રસ્ટ તરફથી વન વિભાગના સહકારથી ૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર આ જ જગ્યાએકરવામાંઆવેલ હતુંજે દરેક રોપા સફળતાપૂર્વક હાલ ઉછળી રહ્યા છે અને તેમાં આ બીજા ૫૦૦ વૃક્ષોનો વધારો થશે આ ઉપરાંત આ જગ્યાએ ૫૦૦ લીમડા અને વડલાઓ વાવવાનું આગામી સમયમાં આયોજનછે. આ તકે જામનગરના લોકોને બે હાથ જોડીને વિનંતી છે કે જ્યાં જ્યાં સોસાયટીમાં કોમન પ્લોટ આવેલા છે તેમજ ખાલી જગ્યા ઉપલબ્ધ છે ત્યાં દરેક જગ્યાએ વધુને વધુ વૃક્ષો વાવીને તેનું જતન કરીએ જેથી કરીને જામનગરમાં ૫૦% વૃક્ષોનું આવરણ શક્ય બનશે અને લોકોનેશુદ્ધ હવા અનેશુદ્ધ પાણી તેમજ સારી જમીન ઉપલબ્ધથઈ શકશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂા. ૩.૫૨ કરોડના ખર્ચે બનેલ અદ્યતન સ્માર્ટ સબ રજિસ્ટ્રાર ઓફિસનો શુભારંભ

રાજકોટ તા. ૨૪

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજકોટની જૂની કલેક્ટર કચેરી ખાતે નિર્માણ પામેલ બે માળની અદ્યતન સ્માર્ટ સબ રજિસ્ટ્રાર ઓફિસનો શુભારંભ થયો હતો. મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ તકતી અનાવરણ કર્યા બાદ આ

નવનિર્મિત ભવનનું નિરીક્ષણ કર્યું હતું. આ બિલ્ડિંગમાં સબ રજિસ્ટ્રાર ઝોન-૨ (મોરબી રોડ), ઝોન-૮(રૂરલ) અને મોડેલ મદદનીશ નોંધણી નિરીક્ષકની કુલ ત્રણ કચેરીઓ કાર્યરત રહેશે.

જૂની કલેક્ટર કચેરીના કેમ્પસ ખાતે સબ રજીસ્ટ્રાર ઓફિસમાં નવા બે માળ રૂ. ૩.૫૨ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યા છે, આ કચેરી વેઈટિંગ રૂમ, રેકોર્ડ રૂમ, ઓફિસર ચેમ્બર, સ્ટાફ રૂમ, લિફ્ટ, કોન્ફરન્સ હોલ, વોટર રૂમ, પાર્કિંગ, પુરુષ અને મહિલા વોશરૂમની તમામ સુવિધાઓથી સજ્જ છે. પ્રથમ માળે વેઈટિંગ રૂમ, રેકર્ડ રૂમ અને બીજા માળે કોન્ફરન્સ હોલ, સ્ટાફ રૂમ, એ.આઈ.જી.આર.શ્રી તેમજ નોંધણી નિરીક્ષકશ્રીની ચેમ્બર કાર્યરત થશે. આ તકે પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા અને મહિલા બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, સાંસદ સર્વશ્રી રામભાઈ મોકરીયા અને મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય સર્વશ્રી ડૉ.દર્શિતાબેન શાહ, ડૉ. મહેન્દ્રભાઈ પાડલીયા, રમેશભાઈ ટીલાળા, અગ્રણી સર્વેશ્રી ભરતભાઈ બોઘરા, શ્રી મુકેશભાઈ દોશી, શ્રી રાજુભાઈ ધ્રુવ, કલેક્ટરશ્રી પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, ડીસીપી ક્રાઈમશ્રી પાર્થરાજસિંહ ગોહિલ, ગુજરાત રાજ્યના ઈન્સ્પેક્ટર જનરલઓફ રજિસ્ટ્રારશ્રી જેનુ દેવાન, ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રારશ્રી આર.એમ. મછાર, આસિસ્ટન્ટ આઈ.આર. શ્રી એચ.એન.પટેલ, રાજકોટ મદદનીશ નોંધણી સબનિરીક્ષકશ્રી અજયકુમાર ચારેલ, પ્રાંત અધિકારીશ્રી કે.જી. ચૌધરી તથા વિવિધ પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આપણી નવી પેઢીને મંદિરો દ્વારા શિક્ષણ આપવું પડશે : મોહન ભાગવત

(જી.એન.એસ)

વારાણસી,તા.૨૪

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે કહ્યું કે આપણી નવી પેઢીને મંદિરો દ્વારા શિક્ષણ આપવું પડશે, કારણ કે ભવિષ્ય તેઓએ જ સંભાળવાનું છે. તેમને હવેથી તાલીમ આપવાની જરૂર છે. સંઘ પ્રમુખ મોહન ભાગવત શનિવારે વારાણસીમાં ટેમ્પલ કનેક્ટ દ્વારા આયોજિત મંદિરોના મહાસંમેલનને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે જો મંદિર નવી પેઢીએ સંભાળવું હોય તો તેમને તાલીમ આપો. તમારા સાધન અને સંસાધનોને એક કરીને તમારી કલા અને હસ્તકલાને સશક્ત બનાવો. સમાજના કારીગરને પ્રોત્સાહિત કરવામાં આવશે તો તે પોતાની જાતને મજબૂત કરશે. મોહન ભાગવતે કહ્યું કે મંદિરો સત્યમ-શિવમ-સુંદરમની પ્રેરણા આપે છે. મંદિરની કારીગરી આપણી પદ્ધતિ દર્શાવે છે. મંદિર ચલાવવા માટે ધર્મ હોવો જોઈએ. અહીં કેટલાક મંદિરો સરકારના હાથમાં છે તો કેટલાક સમાજના હાથમાં છે. કાશી વિશ્વનાથનું સ્વરૂપ બદલાયું, આ છે ભક્તિની શક્તિ. પરિવર્તન લાવનારા લોકો ભક્તો છે અને આ માટે તેમને લાગણીની જરૂર છે. તેમણે કહ્યું કે પૂજા નાનામાં નાના મંદિરમાં થવી જોઈએ અને ત્યાં સ્વચ્છતાની વ્યવસ્થા હોવી જોઈએ, તેની ચિંતા થવી જોઈએ. ઘણી જગ્યાએ મંદિરો સરકારના નિયંત્રણમાં છે, તેમને કેવી રીતે જોડવા તે વિશે પણ વિચારવું જોઈએ. મંદિરો અંગે મોહન ભાગવતે કહ્યું કે મંદિરને જોડવામાં આવી રહ્યા છે, હવે આગામી કાર્યક્રમ તમામ મંદિરોનો સર્વે કરવાનો છે. જે ધર્મનું પાલન કરવાનું છે, તે ધર્મ જ ન રહે અને તેમાં શ્રદ્ધા ન હોય તો તે કેવી રીતે ચાલશે.

સાપ્તાહિક રાશી ભવિષ્ય

તા.૨૪-૦૭-૨૦૨૩ થી ૩૦-૦૭-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

મેષ : અ.લ.ઈ.
સ્વામિ - મંગળ

આ સપ્તાહ દરમિયાન તમે તમારી મનની મુરાદ પૂરી કરી શકશો. ગમે તેવા અવરોધો આવે પણ તમે તમારા ધારેલા કાર્યમાં સફળ રહેશો. વાહન-જમીનને લગતી ખરીદી-વેંચાણમાં જરા સાવધાની રાખવી. સંતાનના આરોગ્ય અંગેની ચિંતા દૂર થાય. આર્થિક રીતે આ સમય તમારા માટે સારો જાય. રોકાયેલા નાણાં છૂટા થાય. ક્યાંકથી અણધાર્યો ધનલાભ થાય. મિત્ર-વર્તુળની મદદ મેળવવામાં પણ સફળતા મળે. તમારી ગણતરી મુજબના કાર્યો પાર પડવાથી મન પ્રફુલિત રહે.

વૃષભ : બ.વ.ઉ.
સ્વામિ - શુક્ર

તમારે હજુ સફળતા મેળવવા માટે પરિશ્રમ વધારવો પડશે. આ ઉપરાંત નાની-મોટી ચિંતાવાળા પ્રશ્નોનો સામનો કરવો પડશે. નિરાશા અને હતાશાને ખંખેરી નાખી મક્કમ મને કાર્ય કરતા રહેજો. નવી ખરીદી કે અગત્યના નિર્ણય હાલમાં ટાળવા હિતાવહ છે. જો કે, તમારી નાણાંકીય સમસ્યા હશે તો તેમાંથી માર્ગ કાઢી શકવાનો યોગ છે. વડીલ વર્ગ સાથે ઘર્ષણમાં ન ઉતરવું તમારા માટે ભવિષ્યમાં લાભદાયી નીવડે.

મિથુન : ક.છ.ઘ.
સ્વામિ - બુધ

આ સમય દરમિયાન તમારા આરોગ્ય અંગેના પ્રશ્નોનો ઉકેલ આવે. નાણાંકીય આકસ્મીક લાભ મળે. નાનકડો કોઈ એવો સુંદર જગ્યાનો પ્રવાસ થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારી કોઈ ઘટના બને. નોકરીયાત વર્ગ કે ધંધાદારી વર્ગ માટે આ સમય દરમ્યાન ક્રોધ પર કાબુ રાખવો જરૂરી બને. પારિવારીક જીવનમાં ભરપુર આનંદ રહે. શત્રુવર્ગ ગુપ્ત રીતે તમને પીડા ઉપજાવવા માટે પ્રયત્નશીલ બને પણ તેમને યોગ્ય સફળતા ન મળે.

કર્ક : ડ.હ.
સ્વામિ - ચંદ્ર

આ સપ્તાહ દરમિયાન તમારા કાર્યો અટકી-અટકીને પાર પડે. પરિવારના સભ્યો દ્વારા ખોટી ચિંતાનો તમને અનુભવ થાય. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર ઝગડાનો પ્રસંગ બને. તમારા સહયોગી દ્વારા તમને પૂરતો પ્રેમ અને સહકાર મળી રહે. યાત્રા-પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ છે. માતૃપક્ષ તરફથી કે શ્વસુર પક્ષ તરફથી કોઈ આકસ્મીક લાભ મળી જાય. જીવન સાથીના શુભ સહકાર વડે મહત્વના નિર્ણયો લઈ શકશો.

સિંહ : મ.ટ.
સ્વામિ - સૂર્ય

આ સપ્તાહ તમારા માટે મિશ્રફળ આપનારો રહેશે. જરાવાર તમે માનસિક પ્રફુલિતતા અનુભવશો તો થોડીવારે મનમાં નિરાશા અનુભવાય. ભાઈ-બહેન સાથે વાણી ઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી હિતાવહ. એકાદ એવી ઘટના બને કે તમારા આત્મવિશ્વાસમાં અચાનક વધારો થાય. આરોગ્ય અંગે જરા સંભાળવા જેવું ખરું. ખાસ તો ખાવા-પીવામાં કાળજી રાખવી જરૂરી છે. નાણાંકીય આવક-જાવક સરભર રહેશે.

કન્યા : પ.ઠ.ણ.
સ્વામિ - બુધ

હાલના સમયમાં વ્યવસાયિક કાર્યોમાં અણધારી પ્રગતિ કરી શકશો. કોઈ ખાસ વ્યક્તિની મુલાકાત થાય. જેને કારણે નોકરી-ધંધાના કાર્યમાં પ્રગતિ થાય. ઘરમાં કોઈ માંગલિક પ્રસંગનું આયોજન થાય. ધાર્મિક અભિરૂચિમાં વધારો થાય. જીવનસાથીની મનની ઈચ્છી પૂર્ણ કરી શકશો. સંતાન વર્ગ દ્વારા અગત્યના કાર્યમાં સફળતા મળે. માનસિક રીતે આનંદની સાથે સામાજિક ક્ષેત્રે પણ પ્રતિષ્ઠામાં વધારો કરનારી ઘટના બને.

તુલા : ર.ત.
સ્વામિ - શુક્ર

આ સમય નાણાંકીય લાભ માટે ભલે મધ્યમ રહે પરંતુ ભવિષ્ય માટેના કેટલાક મહત્વના આયોજનો માટે તમે નક્કર પગલાલઈ શકશો. જીવનસાથી સાથે વાદ-વિવાદ ન થાય તે જોજો. અલબત્ત પરિવારજનોનો શુભ સહકાર મળી રહે. તેવી જ રીતે નોકરીયાત વર્ગને તેમના સહકર્મચારીઓ કે ભાગીદારીમાં ધંધા-રોજગાર કરનારને ભાગીદારી વર્ગ દ્વારા પણ પૂરતો સહકાર મળી રહે. કોઈ મનગમતી વસ્તુની ભેટ મળે તેવી સંભાવના છે.

વૃશ્ચિક : ન.ય.
સ્વામિ - મંગળ

વ્યર્થ માનસિક ચિંતાની સાથે-સાથે શત્રુવર્ગની પીડાનો પણ સામનો કરવો પડે. આકસ્મીક ખર્ચના પણ ભોગ બનવું પડે. તેમ છતાં બહુ લાગણીશીલ ન રહેતા વ્યવહારીક બની જવું તમારા માટે વધારે હિતાવહ છે. તમારા કૌટુંબિક સભ્યો પણ આ સમય દરમિયાન તમારા વિચારો સાથે સહમત ન થાય તેવું બને. મિત્ર-વર્તુળ સાથે પણ વિચારભેદ રહે. તેમ છતાં તમારા જીવનસાથીનો સહકાર તમને ભરપૂર મળી રહે અને તે દ્વારા તમારું મનોબળ મજબુત બને.

ધન : ભ.ધ.ફ.ઢ.
સ્વામિ - ગુરૂ

હાલના તબક્કે તમે તમારી નિર્ણયશક્તિ બાબતે જરા ચિંતા અનુભવશો. તેમ છતાં તમે જે નિર્ણય લીધા હશે તે અંતે સફળ નીવડશે. જો કે, કેટલીક જવાબદારી કે નવી ફરજોમાં વધારો થાય તેવા સંજોગો છે. સામાજિક કે ધાર્મિક કાર્યમાં આ સમય દરમિયાન વિશેષ અભિરૂચિ રહે. પડોશી વર્ગને મદદરૂપ બનવું પડે. જમીન-મકાનને લગતા કોઈ પ્રશ્નો હોય તો તેનો ઉકેલ આવે. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં પણ સફળતા મેળવી શકશો. આરોગ્ય બાબતે ચિંતા દૂર થાય.

મકર : ખ.જ.
સ્વામિ - શની

તમારા આવક વૃધ્ધિના પ્રયત્નોમાં થોડી સફળતા મળે. સાથે-સાથે ખોટા ખર્ચમાંથી બહાર આવી શકશો. સહયોગીઓના સહકાર વડે તમારા કાર્યક્ષેત્રમાં સફળતા મેળવી શકશો. જૂની ઓળખાણ એકાદ મહત્વનો લાભ આપી જાય. વ્યર્થ દોડા-દોડી કરવાનું તમારા માટે આ સમય દરમિયાન હિતાવહ નથી. સગપણ-લગ્ન અંગેના પ્રશ્નો હશે તો તેનો અણધાર્યો ઉકેલ આવી જાય. મિત્ર, ભાઈ-બહેનને રાજી રાખી શકશો. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય.

કુંભ : ગ.શ.ષ.સ.
સ્વામિ -શની

આરોગ્ય બાબતે સાવચેત રહી દરેક કાર્યો કરવા. જૂના બાકી રહેતા લેણાની રકમ આકસ્મીક રીતે પરત મળે. કૌટુંબિક મતભેદ હોય તો તે દૂર થાય. નવિન શુભ સમાચાર મળે. ધંધો-વિકસાવવાની નવી દિશા મળે. તેમ છતાં પણ ક્યાંય ખોટી લાગણીના વહેણમાં તણાઈ ન જતા તેની ખાસ તકેદારી રાખજો. ખોટા ઉશ્કેરાટથી દૂર રહેવા પ્રયત્નશીલ રહેજો.

મીન : દ.ચ.ઝ.થ.
સ્વામિ - ગુરૂ

આ સપ્તાહમાં પ્રવાસ-પર્યટન કે મુસાફરીના યોગ છે. તમારા યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારી મહત્વની ઘટના બને. આર્થિક રીતે હવે તમે ધીરે-ધીરે સ્થિરતા અનુભવી શકશો. સાથે-સાથે આરોગ્ય અંગેની ચિંતા દૂર થશે. સરકારી કાર્યોમાં ધારી સફળતા મેળવી શકશો. નોકરીયાત વર્ગ કે ધંધાદારી વર્ગ બંનેને અનેરી હળવાશનો અનુભવ કરાવતો આ સપ્તાહ સમાન્ય રીતે બધી જ રીતે ખૂબ જ સારું રહે તેવો સમય છે.

ગીર જંગલમાં ધોધમાર વરસાદના કારણે કોડીનારના ફાચરિયા ગામથી અરણેજ તરફ જતા રસ્તા ઉપર કમર સમા પાણી ફરી વળ્યા

સમગ્ર ફાચરિયા ગામ બેટમાં ફેરવાયું : ૭ ગામને જોડતો માર્ગ પાણી ભરવાના કારણે બ્લોક થતાં લોકો હેરાન પરેશાન ગામના નીચાણ વાળા અનેક ઘરોમાં પાણી ઘૂસ્યા : ગામ લોકો દ્વારા તંત્રને અનેકવાર રજૂઆતો છતાં કામ કાગળ ઉપર, લોકોમાં ભારે રોષ : ગામમાંથી પાણી પસાર થઈ ખેતરોમાં ફરી વળતા પાકનો નાશ અને જમીનનું ધોવાણ થયું

(મુગલઅલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૪

કોડીનાર તાલુકાના અનેગીર જંગલમા છેલ્લા એક મહિનાથી અવિરત ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. તેમાં પણ ગઈકાલે ગીરમાં વરસેલા ભારે વરસાદના કારણે કોડીનાર તાલુકાના ફાચારિયા ગામથી અરણેજ તરફ જતા રસ્તા ઉપર પાણી ફરી વળતા વાહન ચાલકો સહિત ફાચારિયા ગામના સ્થાનિકોને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. ફાચારિયા ગામમાં વરસાદી પાણી ના કારણે જાણે નદીઓ વહેતી હોય તે પ્રકારમાં દ્રશ્યો જોવા મળ્યા ફાચરિયા ગામ બેટમાં ફેરવાયું.

છેલ્લા ૨૪ કલાક થી અવિરત વહેતા પાણીના લીધે ફાચારિયા ગામથી ઉપરવાસમાંથી વરસાદી પાણી ગામમાં આવી જતા ગામના નીચાણ વાળા ઘરોમાં, ગામના ઝાંપામાં તેમજ કોડીનાર-અરણેજ વાલાદર રોડ ઉપર કમર સમા પાણી ભરાતા ૫ થી ૭ ગામનો વાહન વ્યવહાર ખોરવાયો છે. ફાચારિયા ગામ વચ્ચે નદીની જેમ ધસમસતો પાણીનો પ્રવાહ વહી રહ્યો કેટલાક લોકો ચાલીને અને કેટલાક લોકો પોતાના વાહન આ ધસમસતા પાણીમાં નાખી જીવના જોખમે રસ્તો પસાર કરી રહ્યા છે. ત્યારે આ પાણી ગામમાંથી પસાર થઈ ખેતરોમાં ફરી વળતાં ખેતરો જળમગ્ન થયા હતા જેથી પાકતો નિષ્ફળ જાય તેમ છે. તેમજ ભારે પ્રમાણમાં ખેતીની જમીનનું ધોવાણ પણ થયું હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. આ અંગે ફાચરિયાના ગામજનોએ જણાવ્યા મુજબ દર વર્ષે ચોમસામાં ભારે વરસાદના કારણે છેલ્લા ૨૦ વર્ષથી ફાચારિયા ગામ થી વાહન વ્યવહાર બંધ થઈ જતું હોય આ અંગે અવારનવાર તંત્રમાં રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પાણીના નિકાસ કરવા માટે કોઈ કાયમી ઉકેલ કરવામાં આવતો નથી. ગામજનો પાણીમાં રહેતા હોવા તંત્રના પેટનું પાણી હલતું નથી તેમ જણાવી પોતાનો રોષ મીડિયા સમક્ષ ઠાલવ્યો હતો.

કેનેરા બેંક મોરબીના એમએસએમઈ આઉટરીચ પ્રોગ્રામમાં એમએસએમઈને સશક્ત કરે છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૪

કેનેરા બેંક દ્વારા મોરબીની હોટલ ફેમ રેસિડન્સી ખાતે તા.૨૧ જુલાઈ, ૨૦૨૩ના રોજ એમએસએમઈ આઉટરીચ પ્રોગ્રામનું સફળ અને અસરકારક રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં ૧૨૦થી વધારે ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ્સ ખાસ કરીને સીરામિક અને સહાયક ઈન્ડસ્ટ્રીઝ સહિત માઈક્રો, નાના અને મધ્યમ એન્ટરપ્રાઈઝીઝ (એમએસએમઈ) ક્ષેત્રના લોકો એકઠા થયા હતા. શંભુ લાલ, જનરલ મેનેજર, સર્કલઓફિસ, અમદાવાદ દ્વારા તેમના હાર્દિક

સ્વાગત સંભાષણમાં એમએસએમઈના વિકાસ માટે બેંકની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી. પ્રભાત કિરણ, એમએસએમઈ વિંગના જનરલ મેનેજર બેંગલુરૂ દ્વારા ખાસ એમએસએમઈના સશક્તિકરણ માટે ડિઝાઈન કરાયેલા કેનેરા બેંકની પહેલ અને નાણાકીય ઉત્પાદનો અંગે પોતાનો મૂલ્યવાન અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો હતો. સન્માનીય એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અશોક ચંદે વિસ્તાર-વિશેષની યોજનાઓ અને આંતરરાષ્ટ્રીય વેપારની સુગમતા માટેના પોર્ટલ્સ અંગે માહિતી આપી હતી. કાર્યક્રમ દરમ્યાન કેનેરા બેંક દ્વારા ૪૪ એમએસએમઈને તેમના વિસ્તરણ અને આધુનિક ટેક્નોલોજીના વિકાસ માટે રૂા.૪૪૦ કરોડની લોન આપવામાં આવી. ડીજીએમ અમિત મિત્તલ અને કપિલ પી. પંત, એમ રો-હોડ દ્વારા પ્રોગ્રામનું સંચાલન કરવામાં આવ્યું હતું. કેનેરા બેંક એમએસએમઈ આઉટરીચ પ્રોગ્રામથી ભારતની અર્થવ્યવસ્થા માટે પીઠબળ પૂરૂ પાડે છે જેના કારણે એમએસએમઈ રાષ્ટ્રીય વિકાસમાં પોતાનું ચોક્કસ યોગદાન આપી શકે.

કેશોદ માંગરોળ ઘેડ પંથકમાં દર વર્ષે ચોમાસામાં પરિસ્થિતિ વિકટ : કાયમી ઉકેલ ક્યારે ?

મુખ્યમંત્રીએ કરેલ હવાઈ નિરીક્ષણથી કોઈ સહાય મળશે? કોઈ સમસ્યાનો કાયમી હલ થશે ? દર વર્ષે ભાજપ કોંગ્રેસ સહીતના રાજકીય આગેવાનોની ઘેડની મુલાકાત માત્ર મુલાકાત જ બની રહેછે ક્યારેય સમસ્યાઓનો કાયમી હલ થયો ?

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૪

કેશોદ માંગરોળ ઘેડ વિસ્તારમાં ચોમાસામાં વિકટ સમસ્યા ઉભી થાય છે. દર વર્ષે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાય છે. સમગ્ર ઘેડ પંથકમાં દરીયા જેવો માહોલ સર્જાયછે પુરની સ્થિતિમાં ખેડુતોની હજારો વિઘા જમીનમાં ધોવાણ સાથે ખેત પેદાશોમાં નુકશાની વેઠવી પડેછે રોડ રસ્તાઓ ધોવાઈ જાય છે. પશુઓ માટેનો ઘાંસચારો પલળી જાય છે. પશુઓ દિવસો સુધી ભૂખ્યા પાણીમાં ઉભા રહે છે. ન સુકો ઘાંસચારો હોય કે ન લીલો ઘાસચારો ઘર સુધી લાવી શકાય અનેક પરિવારોની ઘરવખરી પલળી જાય છે. અનેક પરિવારોને ભુખ્યા રહેવું પડે છે. વાડી વિસ્તારમાં રહેતા પરિવારોને કોઈ ચીજવસ્તુઓ ઘટતી હોય ગામમાં જવા માટે ખરાબ રસ્તાઓમાં પગપાળા ચાલી જવું પડે છે એ પણ નદી જેવા માહોલમાં એ પણ જીવના જોખમે કોઈ વ્યક્તિ બિમાર હોય તો ન પ્રાથમિક સારવાર લઈ શકે કે ન નજીકની હોસ્પિટલ સુધી પહોંચી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. છતાં કુદરતના ભરોસો થોડા દિવસો જીવના જોખમે પસાર કરે છે. એમાંય આવી પરિસ્થિતિમાં કોઈ વ્યક્તિનું દુ:ખદ અવસાન થાય તો એમના પરિવાર ઉપર જાણે આભ તૂટી પડયું હોય એવો અહેસાસ થાય છે. મૃતકને સ્મશાન સુધી લઈ જવુ મુશ્કેલ બને છે અને ત્યાં સુધી મહા મહેનતે પહોંચી શકાય તો અગ્નિદાહ આપવાનો પ્રશ્ન સામે ઉભો જ હોય સુકા લાકડાની વ્યવસ્થા લોઢાના ચણા ચાવવા જેવી બને છે. આવી કઠીન પરિસ્થિતિનો સામનો કરનાર ઘેડ પંથક જ સહન કરી શકે માત્ર કલ્પના કરો કેવી વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડતો હશે ? માત્ર એવી કલ્પના પણ હૃદયમાં ધ્રૂજારી ઉપાડી દેય તો વાસ્તવિક પરિસ્થિતિ કેવી હશે ? ઘેડ પંથકમાં દર વર્ષે ચોમાસામાં આવી પરિસ્થિતિ સર્જાય છે ત્યારે ક્યારેક ભાજપ કોંગ્રેસ સહીતના રાજકીય આગેવાનો ઘેડપંથકની મુલાકાતે આવે છે. લોકોની રજુઆતો સાંભળે છે અને આશ્વાસન આપે છે પણ આખરે તો એ મુલાકાત માત્ર મુલાકાત જ બની રહે છે. ક્યારેય સમસ્યાઓનો કાયમી હલ થયો છે ? વર્ષોથી ઘેડ પંથકમાં પસાર થતી નદિઓ ઉંડી અને પહોળી કરવાની દર વર્ષે વર્ષોથી રજૂઆત થતી આવે છે. જે રજુઆતો દર વર્ષે રીપીટ થાય છે પણ એ સમસ્યાનો કાયમી ઉકેલ આવતો નથી. નદીઓ કાંઠે ક્યાય દબાણો થયા હોય નદીઓમાં કાપ ભરાતો હોય જેથી નદીઓ સાંકળી બની જતાં અનેક જગ્યાએ દર વર્ષે નદીના પાળાઓ તુટવાના બનાવો બનતા રહે છે. જેના કારણે હજારો વિઘા જમીનના ધોવાણ સાથે ખેત પેદાશોમાં મોટાપાયે નુકસાન થાય છે.

વારંવાર તુટતા પાળાઓના પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા વર્ષોથી ઘેડ વિસ્તારના લોકોની જે માંગ છે. નદિઓ ઉંડી અને પહોળી કરવામાં આવે તો આ સમસ્યાનો ઉકેલ આવી શકે પણ કહેવાય છે કે ઘેડ પંથકમાં દર વર્ષે આવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે અને રજુઆતોનું પુનરાવર્તન થાય છે. શિયાળા ઉનાળામાં આ વાત ભુલાય જાય છે. ફરીથી ચોમાસામાં હતી એની એ જ પરિસ્થિતિ ત્યારે ઘેડ પંથકના પ્રાણ પ્રશ્નનો કાયમી ઉકેલ ક્યારે આવશે એ તો આવનારો સમય જ બતાવશે પણ હાલ ઘેડ પંથકમાં લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

કેશોદમાં રોકડ દાગીનાની ચોરીના બનાવના આરોપીની માહિતી આપનારને ઈનામ અપાશે

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૪

કેશોદમાં દુકાનો કારખાનાઓ ઘરફોડ ચોરી બાઈક ચોરીના બનાવો અનેકવાર બન્યા છે. જેમાંની કોઈ ચોરીનો ભેદ ઉકેલાયો છે તો કોઈ ચોરીનો ભેદ ઉકેલાયો નથી. ત્યારે તાજેતરમાં કેશોદના માંગરોળ રોડ ઉપર આવેલ આલાપ કોલોની વિસ્તારમાં રહેતાં નારણભાઈ ભીમશીભાઈ ભેટારીયાનાં ઘરમાં ઘુસી રૂપિયા ૧૪,૩૭,૫૦૦/-નાં સોના ચાંદીનાં દાગીના અને રોકડ રકમ તસ્કરો લઈને નાસી છૂટયા છે. ત્યારે કેશોદ પોલીસ જૂનાગઢ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ડોગ સ્કવોર્ડ એફએસએલ સહીતની ટીમ અને જીલ્લા પોલીસ વડાએ પણ ઘટના સ્થળે આવી તપાસ કરી હતી. પોલીસ સ્ટાફ દ્વારા તસ્કરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. ઘટના અંગે જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટીએ ઘટના સ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યુંહતું. જુદા જુદા સ્થળોએથી લેવાયેલા સીસીટીવી ફૂટેજ નિહાળ્યાં હતા જેમાં તસ્કર કોઈ મોટી ઉંમરની આધેડ વ્યક્તિ જોવા મળે છે. ત્યારે અજાણ્યા તસ્કરોની માહિતી મેળવવા કેશોદ પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ જાહેર કરી અજાણ્યા તસ્કરોની માહિતી આપવા અપીલ કરી છે. કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર બી.બી. કોળી દ્વારા જાહેર જનતાને અપીલ કરી છે કે જે કોઈ આ વ્યક્તિને ઓળખતા હોય તો તાત્કાલિક ૯૪૨૬૩૬૯૪૦૬ ઉપર જાણ કરશો જાણ કરનાર વ્યક્તિનું નામ ગુપ્ત રાખી દશ હજાર પુરસ્કાર ઈનામ આપવામાં આવશે. સીસીટીવી ફૂટેજમાં એક આધેડ વ્યક્તિ જોવા મળે છે. જે ચોરી કરનાર હશે ? કે અન્ય કોઈ ચોરી કરનાર હશે ? અન્ય લોકો ચોરી કરનાર હોય તો સીસીટીવી ફૂટેજમાં કેમ જોવા મળ્યા નહી હોય? આવા અનેક રહસ્યો ઉભા થયા છે. ત્યારે એ રહસ્યનો પડદો ખુલશે કે અકબંધ રહેશે ? પોલીસ દ્વારા ચોરીની ઘટના અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તપાસ પુર્ણ થયા બાદ જાણવા મળશે કોણે ચોરીનો અંજામ આપ્યો હતો અને કેટલા લોકો તેમાં સંકળાયેલા હતા એ તો આવનારો સમય જ બતાવશે પણ હાલ ચોરીની ઘટના ચર્ચાનો વિષય બન્યો છે.

માંગરોળમાં ભારે વરસાદને પગલે ઝુંપડપટ્ટી વિસ્તારના લોકોની કફોડી હાલત

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૪

છેલ્લા અવિરત વરસતા વરસાદના લીધે માંગરોળમાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોની સમસ્યાઓમાં ખુબ જ વધારો થયેલ છે. તે અંતર્ગત માંગરોળના સેવાકીય પ્રવૃત્તિઓ કરતા સંગઠન દ્વારા વેરાવળ રોડ વિસ્તારમાં આવેલ ગરીબ વસ્તી વિસ્તારની મુલાકાત કરવામાં આવેલ હતી. માંગરોળના વિવિધ વિસ્તારોમાં જયાં અતિવૃષ્ટિના કારણે ગરીબ અને વંચિત લોકોની સ્થિતિ દયાજનક હોય માંગરોળના વિવિધ સંગઠનો વંદેમાતરમ ગ્રુપ, સંજીવની નેચર ફાઉન્ડેશન, જાયન્ટ કલબ, લાલજી મંદિર ટ્રસ્ટ દ્વારા આ વિસ્તારોની મુલાકાત કરવામાં આવેલી હતી. જેમાં વિરચીભાઈ શુકલ, કામનાથ મંદિરના

નરેશબાપુ, સંઘના બાબુભાઈ વાજા, વંદેમાતરમ ગ્રુપના સુદીપભાઈ ગઢિયા, પત્રકાર નિલુભાઈ રાજપરા, અલ્પેશભાઈ કગરાણા, પંકજભાઈ રાજપરા, બિલ્ડર બ્રીજેશભાઈ ડાભી, શનિભાઈ પરમાર, જોશી મેડિકલ વાળા રમેશભાઈ જોશી, આરતીબહેન ગઢિયા જોડાયેલા હતા. તે દરમ્યાન લોકોએ જણાવેલ કે અમારા વિસ્તારમાં કોઈ પુછવા પણ આવતું નથી અને આ વિસ્તાર લાઈટ, શૌચાલય, રસ્તાઓ જેવી પ્રાથમિક સુવિધાઓથી પણ વંચિત છે. શિક્ષણ તેમજ કાયદાકીય જ્ઞાનના અભાવે આ વિસ્તારના લોકો મોટાભાગની સરકારી સુવિધાઓ પણ લઈ શક્તા નથી. એવામાં આવા જોરદાર વરસાદને કારણે તેઓની જીવન ચલાવવાનો મુખ્ય સ્રોત કપડા લતા પલડી ગયા છે અને ધંધા વિનાના થઈ ગયા છે અને ઘરમાં ચુલો પણ સળગાવી શકે તેમ નથી. તેથી સાંજના સમયે વંદેમાતરમ ગ્રુપ સાથે બીજા સંગઠનના મિત્રો મળીને આ વસ્તીમાં સો કિલો જેટલો મસાલેદાર પુલાવ બનાવીને વિતરણ કરેલ હતો. જે જોસનાબેન વાઘેલાએ બનાવેલ હતો. આ લોકોએ ખાસ માંગણી કરેલ કે આવા સમયે સરકારી સુવિધાઓ ઉપલબ્ધ થાય તો અમારૂ જીવન ધોરણ સુધરે.

બાળકોમાં જન્મજાતહૃદય રોગની બીમારીની સમયસર સારવાર હિતાવહ : ડો. આદિત્ય

(પંકજ ઝિબા દ્વારા) રાજકોટ તા.૨૪ : એક વર્ષ પહેલા ટ્રક અકસ્માતમાંબધા ઘરના સ્વજનો ગુમાવનાર ૧૭ વર્ષનો તરૂણ જેના હૃદયના ધબકારા સામાન્ય કરતા વધારે હતા તેને સગા વ્હાલા અને પડોશી વોકહાર્ટ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. તેનો 2D ECO કરતા માલુમ થયું કે તેને જન્મજાતહૃદયની ગંભીર બીમારી છે. દર્દીની સ્થિતીને જોઈને તાત્કાલીક ધોરણે તેને દાખલ કરી તેનું ઓપરેશન ડો. આદિત્ય લાડ દ્વારા કરવામાં આવ્યું હતું. બન્ને વાલ્વનું લીકેજ દુર કરી અને હૃદયના એક ખાનાનુ દબાણ દુર કરાયું હતું. આ તરૂણને ચોથા દિવસે રજા આપવામાં આવી ત્યારે તેના હૃદયના રિપોર્ટસ સંપુર્ણ સામાન્ય હતા તથા હોસ્પિટલના સ્ટાફ તરફથી નવા કપડા લઈ દેવામાં આવેલ હતા. આ તરૂણને અતિ ગંભીર બીમારી હતી જે એક લાખે એકથી બે બાળકોમાં જોવા મળે છે, જેમાં ફેફસામાં લોહી શુધ્ધ થવા જતું નથી અને તેના કારણે હૃદયના બન્ને વાલ્વમાં લીકેજ થાય છે. જવલ્લે જ થતી આ જન્મજાત બીમારીને યોગ્ય સમયે સારવાર કરવાથી તકલીફ દુર થાય છે. આ ઓપરેશન વોકહાર્ટ હોસ્પિટલમાં ડો.આદિત્ય લાડ દ્વારા વિના મુલ્યે કરવામાં આવેલ હતું.

ઉનામાં ઈ-સીગારેટનો જથ્થો ઝડપાયો : ચકચાર

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૨૪

ઉના શહેરમાં એસ.ટી. બસ સ્ટેશન સામે આવેલ હરેશકુમાર કેશવલાલ નામની તમાકુ, બીડી, સિગારેટ, સોપારી, બિસ્કીટનો હોલ સેલ વેપાર કરતી પેઢી ઉપર ગીર-સોમનાથ જિલ્લાની એસ.ઓ.જી. બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર અને સ્ટાફે બાતમીના આધારે રેડ કરતા દુકાનમાં વેંચવા રાખેલ પ્રતિબંધિત ઈ-સિગારેટનો મોટો જથ્થો મળી આવ્યો હતો અને ગણતરી કરતા ૫૪૭ બોક્સ ઈ-સિગારેટ જેની કિંમત રૂપિયા ૫૪000/થી વધુ થાય છે તે કબ્જે કરી દુકાનના સંચાલક ત્રિભોવન કેશવભાઈ ચંદ્રાણી રહે.ઉનાવાળાની ધરપકડ કરી પોલીસ સ્ટેશન લાવી પૂછપરછ કરતા આ ઈ-સિગારેટ અમદાવાદનો દિનુભાઈ નામનો શખ્સ આપી જતો હતો. તેથી તેની સામે પણ ગુનો દાખલ કરી પકડવા તજવીજ શરૂ કરી છે.

માણાવદરનાં વાડાસડામાંથી વિદેશી દારૂની ૬૭ બોટલ ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) માણાવદર તા. ૨૪

માણાવદર પોલીસે વાડાસડા ગામની સીમમાં આવેલ મોહનભાઈ મુળજીભાઈ કુંભારનાં ખેતરનું ભાગ્યુ બીલડી ગામે રહેતા રૂડાભાઈ બાવનભાઈ રબારીએ રાખેલ હોય આ જગ્યાએ વિદેશી દારૂ હોવાની બાતમી મળતાં પોલીસે રેડ પાડતાં વિદેશી દારૂની ૬૭ બોટલ કિંમત રૂા.૨૬૮૦૦નો મુદામાલ ઝડપી લીધેલ છે. જયારે હાજર નહી મળી આવનાર રૂડાભાઈ બાવનભાઈને ઝડપવા પોલીસે ચક્રો ગતીમાન કરેલ છે.

દ્વારકાના લાઈટ હાઉસ વિસ્તારમાં યુવાન ઉપર ભેખડ ધસી પડતા મોત

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૪

દ્વારકાના લાઈટ હાઉસ વિસ્તારના દરિયા કિનારે એક યુવાન શૌચક્રિયા કરવા ગયેલ હોય તે દરમ્યાન અચાનક ઉપરથી ભેખડ ધસી પડી હતી જેની નીચે યુવાન દબાઈ ગયો હતો. આ ઘટના અંગે સ્થાનિકોને જાણ થતાં તાબડતોબ દ્વારકા પોલીસ તથા તંત્રના કર્મચારીગણ ધસી ગયો હતો તંત્ર દ્વારા રેસ્કયુની કામગીરી હાથ ધરાઈ તે પહેલાં જ વિશાળ ભેખડ નીચે દબાયેલ યુવાનનું મોત નિપજ્યું હતું. દ્વારકા નગરપાલિકા ફાયર વિભાગના જવાનોએ મૃતદેહને બહાર કાઢ્યો હતો. ઘટનાની જાણ થતાં લોકોનું ટોળું ઘટના સ્થળે એકત્ર થયું હતું. આ બનાવ અંગે દ્વારકા પોલીસ કાર્યવાહી હાથ ધરી છે.

જગતમંદિરમાં અધિક માસ નિમિત્તે વસંતપંચમી મહોત્સવ ઉજવાયો

Date:-/13/07/2023

ઠાકોરજીને અબીલ ગુલાલના શુકન કર્યા બાદ ઉત્સવ આરતી યોજાઈ

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૪

યાત્રાધામ દ્વારકાના સુપ્રસિધ્ધ દ્વારકાધીશ જગતમંદિરમાં હાલમાં ચાલી રહેલાં અધિક માસ દરમ્યાન વર્ષ દરમ્યાન ગતમંદિરમાં ખાસ તિથિઓએ ઊજવવામાં આવતા વિવિધ તહેવારોની પણ ભાવસભર ઊજવણી કરવામાં આવે છે. જગતમંદિરના વારાદાર પૂજારી દ્વારા દ્વારકાધીશ જગતમંદિરમાં વસંતઋતુના આગમને પ્રકૃત્તિના ઉત્સવ ગણાતા વસંત પંચમી મહોત્સવ ઊજવવામાં આવી હતી. વસંત પંચમી નિમિત્તે ઠાકોરજીને શ્વેત રંગના વાઘા પરિધાન કરાવી સાથે મસ્તકે શ્વેત કુલેર મુકુટ મોરપંખની ચંદ્રિકા સહિતનો શ્રૃંગાર યોજવામાં આવ્યું હતું તેમજ આંબાનું રોપણ પણ કરાયું હતું. નિજમંદિરમાં હરિયાલી સજાવટ સાથે ઠાકોરજીને ઠંડા ભોગ અર્પણ કરાયા હતા. બપોરે ૧ કલાકે ઠાકોરજીને અબીલ ગુલાલના શુકન કર્યા બાદ ઉત્સવ આરતી યોજવામાં આવી હતી જેના દર્શનનો પ્રત્યક્ષ તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી લાખો ભાવિકોએ લાભ લીધો હતો. બપોરે બે વાગ્યા સુધી ભાવિકો માટે ઉત્સવ દર્શન ખૂલ્લાં રહ્યા હતા.

વેરાવળની ગુરૂનાનક કીર્તન મંડળી દ્વારા નવી પહેલ, ગરીબોની સેવાનો પ્રારંભ

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ-પાટણ તા.૨૪

વેરાવળની ગુરૂનાનક કીર્તન મંડળી છેલ્લા ૨૫ વર્ષોથી સત્સંગ, કીર્તન, ધાર્મિક અને સેવાકીય પ્રવૃતિઓ કરે છે. ત્યારે હવે આ મંડળી દ્વારા સિંધી કેલેન્ડર અનુસાર મહિનાના પહેલા રવિવારને સાઓ આતવાર તરીકે મનાવી અને સેવાકીય કાર્યો કરવાની પહેલ રવિવારથી શરૂ કરવામાં આવી છે. દર મહિને પહેલા રવિવાર એટલે કે સાઓ આતવારનાં દિવસે ગુરૂનાનક મંડળી દ્વારા વેરાવળની સચખંડ દરબાર માં સવારે કિર્તન દરમ્યાન સિંધી સમાજના ઈષ્ટદેવ ઝુલેલાલ દેવનાં ભજનો તેમજ પ્રસાદીનું આયોજન કરવામાં આવશે સાથે સાથે મંડળીના સેવાધારી સભ્યો દ્વારા ગરીબ લોકો માટે લંગરપ્રસાદ (ભોજન) અને પહેરવા માટે કપડાંનું વિતરણ પણ કરવામાં આવશે. ત્યારે આ માનવતાવાદી અને સેવાકીય પહેલ નાં પ્રથમ દિવસે અતિભારે વરસાદને કારણે પીડિત અને ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ગરીબ લોકો માટે સવારે ચણા, ગાઠીયાની પ્રસાદી વિતરણનું વિતરણ તેમજ સાંજે લંગરપ્રસાદ આપવામાં આવ્યું હતું તેવું ગુરૂનાનક કીર્તન મંડળીનાં નરેશ મોહનાણી દ્વારા યાદીમાં જણાવાયુંછે.

રાજયમાં ૭.૫ લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા : રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

જળસિંચન માટે દરેક ગામમાં અમૃત સરોવર બનાવી અને સુકી નદીઓને પુર્નઃજીવિત કરવા રાજયપાલશ્રીનું સૂચન : જળસિંચન અને પ્રાકૃતિક ખેતીના મિશનમાં અવિરત સહયોગ આપવા બદલ મુખ્યમંત્રીનું અભિવાદન કરતા રાજ્યપાલશ્રી : કુદરતી સ્ત્રોત દ્વારા વધુને વધુ જનકલ્યાણ થઈ શકે તે માટે રાજ્ય સરકાર અને વિવિધ સંસ્થાઓના સહયોગથી જળસંચયના અને ગ્રીન એનર્જીને લગતા કામો થયા છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખેતી, ધંધા રોજગાર અને અન્ય માળખાકીય સુવિધાના વિકાસમાં પાણી અનિવાર્ય છે, રાજયમાં જળસંચયના વધુ કાર્યો થાય તે જરૂરી છે

(જી.એન.એસ),તા.૨૪

રાજ્યમાં જળ સિંચન દ્વારા સર્વાંગી વિકાસ કરવાની નેમ સાથે નદી, તળાવ અને ચેકડેમને ઉંડા-પહોળા કરવાની તેમજ તેની સાફસફાઈ અને જાળવણી કરવામાં આવે છે. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામ નજીક ગાગડિયો નદી પર ગુજરાત સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનની ૫૦:૫૦ ટકા લોકભાગીદારીથી ૨૮ કિમી લાંબી ગાગડિયો નદી ઊંડી અને પહોળી કરવાનું કાર્ય રૂા..૨,૦૦૦ લાખના ખર્ચે કરવામાં આવી રહ્યું છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દુધાળા ગામ ખાતે 'યુએન તળાવ'નું લોકાર્પણ કર્યુ હતુ. રાજયપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ 'યુએન તળાવ વોટર કોન્ફરન્સ'માં દીપ પ્રગટાવી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યોહતો.

આ પ્રસંગે ઉદ્બોધન કરતાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યુ હતુ કે, જળ વાયુ પરિવર્તનના કારણે વિદેશોમાં તાપમાન વધી રહ્યું છે.દેશમાંપણ અનરાધાર વરસાદ થઈ રહ્યોછે. આ વધુ પડતા વરસાદના કારણે આપણી ખેતીલાયક જમીનનું ધોવાણ થઈ રહ્યું છે. ખેતરમાં યુરિયા અને રાસાયણિક ખાતરના ઉપયોગના કારણે વરસાદનુંપાણી જમીનમાં ઉતરતું નથી.

પ્રાકૃતિક ખેતીમાં વપરાતા જીવામૃત અને ઘન જીવામૃતના કારણેજમીનમાં અળસિયાઓની સંખ્યા વધે છે. આ અળસિયાઓ જમીનમાં છિદ્ર બનાવી તે જમીનને ફળદ્રુપ બનાવે છે જમીનમાં પાણી ઉતરે છે. પ્રકૃતિનું જતન કરવું એ આજના સમયનો સૌથી મોટો પડકાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહ્વાનના પગલે પ્રાકૃતિક ખેતીનું અભિયાન શરૂ છે. રાજયમાં ૭.૫ લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા છે. ભાવિ પેઢી માટે પાણી બચાવવા માટે દરેક ગામમાં અમૃત સરોવરો બનાવી અને સૂકી નદીઓને પુનર્જીવિત કરવી જરુરી છે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે ગુરુકુળ સ્થિત પ્રાકૃતિક ખેતીના મોડલ વિશે જાણકારી આપી હતી. તેમણે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી વચ્ચેનું અંતર સમજાવી પ્રાકૃતિક ખેતીથી થયેલા ફાયદાઓ જણાવ્યા હતા અને ખેડૂતોનેરાસાયણિક ખાતર મુક્ત ખેતી કરવા અનરુોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ જળસિંચન તેમજ પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં તમામ પ્રકારનો સહયોગ આપવા બદલ મુખ્યમંત્રીનુંઅભિવાદન પણ કર્યુ હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જળસિંચનનું ભગીરથ કાર્ય કરવા બદલ ધોળકિયા પરિવાર અને સવજી ધોળકિયાને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ કે, ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓનુંસમાધાન આજે કેવી રીતે મેળવી શકાય તે માટે ભારતના દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએપ્રયત્નો કર્યા હતા, તેનું નક્કર પરિણામ પ્રાપ્ત થઈ રહ્યું છે. કુદરતદત્ત સ્ત્રોત દ્વારા વધુને વધુ જન કલ્યાણ થઈ શકે તે માટે રાજય સરકાર અને વિવિધ સંસ્થાઓના સહયોગથી જળસંચયના અને ગ્રીન એનર્જીને લગતા કામો થયા છે.

સવજી ધોળકિયાના નેતૃત્વમાં ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા જળસંચય થકી રાષ્ટ્રસેવાના ઉમદા કાર્યને બિરદાવતાં મુખ્યમંત્રીએ કહ્યુ કે, આ વિસ્તારમાં ૬૦ જેટલા ગામોમાં સહિયારા પ્રયાસોથી જળસંચય માટે અમૃત સરોવરોનું નિર્માણ થયું અને તેના લીધે રમણીય નજારો સર્જાયો છે. આ કાર્ય માટે સહયોગ આપનારા તમામ ગામો અને તેના ગ્રામજનોને તેમણે અભિનંદન આપ્યા હતા. ૨૫ કિમી સુધીની લંબાઈ સુધી ગાગડીયો નદીને ઊંડી ઉતારવા અને પહોળી કરવાના કાર્યને મુખ્યમંત્રીએપ્રેરણાદાયી ગણાવ્યુ હતું.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરના નિર્માણના આહ્વાનના પગલે આજે રાજયના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરનું નિર્માણ થયું છે. ગુજરાત સરકારે પણ જ્યાં જ્યાં પાણીનો સંગ્રહ થઈ શકેતેમ છે ત્યાં જળસંચય માટેના કામ હાથ ધર્યા છે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યુ કે, ખેતી, ધંધા રોજગાર અને અન્યમાળખાકીય સુવિધાના વિકાસમાં પાણી અનિવાર્ય છે, રાજયમાં જળસંચયના વધુ કાર્યો થાય તે જરુરી છે.

વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી અને નરેન્દ્ર મોદીએ જનસામાન્ય અને છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં જોડવાના ભગીરથ પ્રયાસ કર્યા હતા. રાજય સરકાર દ્વારા રાજ્યના છેવાડાના વિસ્તારમાં પણ રસ્તા, વીજળી સહિતની જરુરી વ્યવસ્થાઓના નિર્માણ માટેઆયોજનબદ્ધ વિકાસ કામો થયા છે, તેની પ્રતીતિ થઈ રહી છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, છેવાડાના વિસ્તારમાં અદ્યતન આરોગ્ય સેવાઓ મળતી થઈ છે. વિશ્વની સૌથી મોટી આયુષ્માન ભારત યોજના દ્વારા લોકોને આરોગ્ય સેવાઓ સુલભ બની છે. ધોળકિયા ફાઉન્ડેશનના પ્રણેતા સવજી ધોળકિયાએ વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના વિકાસનું જે પ્લેટફોર્મ તૈયાર કર્યુ છે તેને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા હોવાનું જણાવ્યું. આ સાથે તેમણે ગુજરાત રાજય સરકાર, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અને ગ્રામજનોના સહયોગથી આ ૧૨૫ જેટલા સરોવરનું નિર્માણ કાર્ય શક્ય બન્યું હોવાનું જણાવ્યુ હતું. આ પ્રસંગે ધોળકિયા પરિવારના ઘનશ્યામ ધોળકિયાએ શાબ્દિક સ્વાગત અને અંતમાં આભારવિધિ બ્રિજેશ ધોળકિયાએ કરી હતી.

કુખ્યાત ડી ૧૬ ગેંગના બે શાર્પ શૂટરો પકડાયા

ભાજપ ઉપપ્રમુખ શૈલેષ પટેલની હત્યાનો ભેદ આખરે ઉકેલાયો

વાપી તાલુકા ભાજપના ઉપપ્રમુખની રાતા શિવ મંદિરની સામે જ ફાયરિંગ કરી અને સનસનીખેજ હત્યા થઈ હતી

વાપી, તા.૨૪

જિલ્લાના અતિશય બહુચર્ચિત વાપી તાલુકા ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલની હત્યાના શાર્પશૂટર ઝડપાઈ ગયા છે. ગત મે મહિનામાં થયેલી ભાજપના અગ્રણીની ધોળે દહાડે હત્યાના મામલામાં વલસાડ જિલ્લા પોલીસે વધુ બે આરોપીઓની ધરપકડ કરી છે. એલસીબી પોલીસની ટીમે ઉત્તર પ્રદેશની કુખ્યાત ડી ૧૬ ગેંગના બે શાર્પ શૂટરોની ધરપકડ કરી સળિયા પાછળ ધકેલી દીધા છે.

ગત મે મહિનાની આઠમી તારીખે વલસાડ જિલ્લામાં સનસની હત્યાની ઘટના પ્રકાશમાં આવી હતી. વાપીના છેવાડે આવેલા કોચરવામાં રહેતા અને વાપીતાલુકા ભાજપનાઉપપ્રમુખ શૈલેષભાઈ પટેલની રાતા શિવ મંદિરની સામે જ ફાયરિંગ કરી અનેસંસનીખેજહત્યા થઈ હતી. મૃતક શૈલેષ પટેલ પરિવાર જેનો સાથે મંદિર દર્શન કરવા ગયા હતા. પરિવારજનો મંદિરમાં દર્શન કરતા હતા, જ્યારે શૈલેષ પટેલ ગાડીમાં બેસી મોબાઈલમાં વ્યસ્ત હતા. એ વખતેજ અજાણા ત્રણ સકશો એઆવી અનેધડાધડ ફાયરિંગ કરી ફરાર થઈ ગયા હતાં. બનાવ બાદ સમગ્ર જિલ્લામાં ચકચાર મચી હતી. રાજકારણ પણ ગરમાતા વલસાડ જિલ્લા પોલીસે મૃતક શૈલેષ પટેલના પરિવારજનોની આક્ષેપ મુજબ વિપુલ ઈશ્વર પટેલ, મિતેશ ઈશ્વર પટેલ, શરદ ઉર્ફે સદીયો પટેલ, અજય ગામીત અને સત્યેન્દ્ર ઉર્ફે સોનુ સિંગ રાજપુત વિરૂધ્ધ ગુનો દાખલ કરી. ગણતરીના સમયમાં જ તેમની ધરપકડ કરી હતી. આરોપીઓની ધરપકડ બાદ કરેલી આગવી ઢબે પૂછપરછમાં શૈલેષ પટેલની હત્યા મામલે ચોકાવનારો ખુલાસો થયો હતો. જે તે સમયે વાપી પોલીસે આ હત્યાકાંડના માસ્ટર માઈડ શરદ પટેલ સહીત ૮ ઈસમોની ધરપકડ કરી હતી. જોકે આ મર્ડરને અંજામ આપનાર શાર્પ શૂટરો પોલીસ પકડથી દૂર હતા. ત્યારે ૩ માંથી ૨ શાર્પશૂટરને વાપી પોલીસે યુ.પીથી દબોચી લીધાછે. શૈલષપટેલ પર પોઈન્ટ બ્લેક રેન્જ થી ફાયરિંગ કરનાર આરોપી ની ધરપકડ માટે વલસાડ જિલ્લા એલસીબી પોલીસે ઉત્તર પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં રેડ કરી હતી. આ દરમિયાન જ શાર્પ શૂટર વૈભવ યાદવ અને દિનેશ ગૌન્ડને ઝારખંડના ધનબાદ જિલ્લા પોલીસે ફાયર આર્મ સાથે ધરપકડ કરી હતી. આથી વલસાડ પોલીસને જાણ થતાં જ આ બંને શાર્પ શૂટરોને ટ્રાન્સફરન્ટ વોરંટના આધારે ધરપકડ કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીઓને સાથે રાખી વલસાડ પોલીસ વડા રાજદિપસિંહઝાલાની ટીમેરાતા ગામ ખાતે રિકંસ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. તે દિવસે કઈ રીતે હત્યાને અંજામ અપાયો હતો તે માટે આરોપી વૈભવ યાદવ અને દિનેશને સાથે રાખી તમામ ઝીણવટભરી વિગતો માટે પોલીસે રિકંસ્ટ્રક્શન કરાયું હતું. શૈલેષ પટેલના પરિવારનો તેમના જ ગામ કોચરવા ગામના એક પરિવાર સાથે અંગત અદાવત ચાલતી હતી. આથી અંગત અદાવતમાં જ કોચરવાના જ આરોપીઓએ વાયા વાયા યુપીની ડી ૧૬ ગેંગ ને શૈલેષ પટેલની હત્યા માટે રૂપિયા ૧૯ લાખની સોપારી આપી હતી. ત્યારબાદ યુપીની આ કુખ્યાત ડી ૧૬ ગેંગના શાર્પ શુટરો ૨૦૨૩ની જાન્યુઆરી મહિનામાં દમણ આવી રોકાયા હતા. અને એક બાઈક ખરીદ્યું હતું. ત્યારબાદ શૈલેષ પટેલની હત્યા માટે રેકી કરી હતી. જોકે તે વખતે પ્લાન ફેલ જતા આરોપીઓ ઉત્તર પ્રદેશ જતા રહ્યા હતા. જોકે ત્યારબાદ ફરી એકવાર આરોપીઓ મે મહિનાની ત્રીજી તારીખે વાપી આવ્યા હતા. જ્યાં મિતેશ પટેલ અને વિપુલ પટેલની માલિકીના પંડોરના ફાર્મ હાઉસમાં રોકાયા હતા. અને મોકો મળતા જ આઠમી મેના રોજ શૈલેષ પટેલની હત્યા કરીને ફરાર થઈ ગયેલા હતા.

ઝડપાયેલા શાર્પ શૂટર વૈભવ યાદવ અને દિનેશ ગૌન્ડનો ગુનાહિત ઈતિહાસ પણ ચોંકવનારો છે. સમગ્ર દેશમાં આતંક મચાવનાર ડી ૧૬ ગેંગ દ્વારા હત્યા, ખંડણી, આર્મ્સ જેવા અનેક ગુન્હાઓ આચરી ચુકી છે. રૂપિયા માટે કોઈ પણ હદ પાર કરતી આ ગેંગના સભ્ય વૈભવ યાદવ અને દિનેશ અતિશય રીઢા ગુન્હેગાર છે. પારિવારિક ઝગડાના બદલો લેવા માટે ખેલાયેલ આ હત્યાકાંડના માસ્ટર માઈન્ડ શરદ પટેલ, શાર્પ શૂટર તેમજ મદદગારી કરનાર ૮ આરપીઓ જેલની હવા ખાઈ રહ્યા છે. જોકે ૩ શાર્પ શૂટર પૈકી ૧ શાર્પશૂટર હજી પણ પોલીસ પકડથી દૂર છે. વલસાડ જિલ્લા પોલીસ માટે પડકારરૂપ આ હત્યાનું કોકડું અંતે પોલીસે ઉકેલી નાખ્યું છે. હાલ ઝડપાયેલ બન્ને શાર્પ શૂટરના રિમાન્ડ મેળવી વલસાડ પોલીસ આ રીઢા ગુન્હેગારો દ્વારા આચરવામાં આવેલ અનેક ગુન્હાઓનો ભેદ ઉકેલવાના પ્રયાસ કરી રહ્યા છે.

---

૮ કલાકની જહેમત બાદ બાળકનું સફળ રેસક્યું

૫૦ ફૂટ ઊંડા બોરવેલમાંથી એક બાળકનું સફળ રેસક્યું

બચાવ કામગીરી દરમિયાન બોરવેલમાં ફસાયેલા બાળકને ઓક્સિજન પુરો પાડવામાં આવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નાલંદા, તા.૨૪

બિહારના નાલંદા જિલ્લાના નગર પંચાયત વિસ્તારના બોલવેલમાં પડેલા ચાર વર્ષના બાળકને લગભગ આઠ કલાકની મહેનત બાદ સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યું છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. તેણે જણાવ્યું કે બચાવી લેવામાં આવેલા બાળકનું નામ શિવમ કુમાર છે અને તે વોર્ડ નંબર-૧૭ના રહેવાસી ડોમન માઝીનો પુત્ર છે. જ્યારે બાળક બોરવેલમાંથી સુરક્ષિત રીતે બહાર આવ્યું ત્યારે તેની માતાએ ખુશી વ્યક્ત કરી અને કહ્યું, 'અચ્છા લગ રહા હૈ કી હમાર બીટવા નિકાલ ગઈકાલુ લાગે છે કે અમારું બાળક નીકળી ગયું. ૫૦ ફૂટ ઊંડા બોરવેલમાંથી એક બાળકનું સફળ રેસક્યું૫૦ ફૂટ ઊંડા બોરવેલમાંથી એક બાળકનું સફળ રેસક્યું' રવિવારે સવારે રમતી વખતે શિવમ લગભગ ૫૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડી ગયો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટ શશાંક શુભંકર પોતે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને શુભમ પોતે ઘટનાસ્થળે હાજર રહીને બચાવ કામગીરી પર નજર રાખી રહ્યા હતા.

તેમણે જણાવ્યું કે બોરવેલમાં લગભગ ૫૦ ફૂટની ઊંડાઈએ ફસાયેલા બાળકને બચાવવા માટે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે છ-સાત જેસીબીની મદદથી બોરવેલની બાજુમાં ખોદકામ કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે રેસક્યુ ઓપરેશન દરમ્યાન બોરવેલમાં ફસાયેલા બાળકને ઓક્સિજન પહોંચાડવામાં આવ્યો હતો અને સીસીટીવી દ્વારા તેની દેખરેખ રાખવામાં આવી હતી. અગાઉ એનડીઆરએફના સહાયક કમાન્ડર જયપ્રકાશ પ્રસાદે જણાવ્યું હતું કે બચાવ કાર્યમાં કોઈ મુશ્કેલી નથી. અધિકારીઓએ જણાવ્યું કે બાળકનેબોલવેલમાંથી બહાર કાઢીને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે.

લેમન બામ નામના છોડથી મચ્છરો ભાગી જાય છે



નવીદિલ્હી, તા.૨૪

ઉનાળામાં મચ્છર બધાને પરેશાન કરે છે. તમે ગમે તેટલો પંખો ચલાવો, તે આવતા જ રહે છે. એવા ઘણા લોકો છે જેમની ગંધ મચ્છરોને આકર્ષે છે. તમે ક્રીમ લગાવો. તેઓ મચ્છરદાનીથી સૂઈ જાય છે. હજુ પણ કોઈ ઉપયોગ નથી. કારણ કે આખરે તમારે ક્યારેક બહાર નીકળવું જ પડશે. તમારે રૂમની આસપાસ ચાલવું પડશે. આવી સ્થિતિમાં, તમે કોઈ ઉપાય કરી શકો છો. એક ગાર્ડન એક્સપર્ટનો દાવો છે કે જો તમે તમારા ઘરના બગીચામાં આ છોડ લગાવશો તો મચ્છર તમારી નજીક નહીં આવે. મેલિસા અવારનવાર તેના ગાર્ડન હેક્સ ઈન્સ્ટાગ્રામ પર શેર કરે છે. તેમણે કહ્યું કે આ પ્લાન્ટ એટલો ખાસ છે કે તમે તેનો ઉપયોગ સુપર મચ્છર ભગાડનાર તરીકે કરી શકો છો. તે તમામ ઋતુઓમાં કામ કરે છે અને ખતરનાક જંતુઓને તમારા ઘરથી દૂર રાખે છે. મેલિસાએ જણાવ્યું કે તેનું નામ લેમન બામ છે.

તે અતિ અસરકારક મચ્છર ભગાડનાર છે. મેલિસાએ તેના શરીર પર તેના પાંદડા ઘસ્યા અને કહ્યું કે આ એક નાની યુક્તિ છે, જે તમને આ જીવાતથી બચાવશે. તેણે કહ્યું, જયારે પણ મારી આસપાસ મચ્છરો દેખાય છે. હું મારા બગીચામાં જાઉં છું, તેમનાં પાંદડાં તોડી લઉં છુંઅને આ લોહી ચૂસતા જંતુઓથી બચવા તેને મારી જાત પર ઘસું છું. તે દર વખતે કામ કરે છે! લેમન મલમ ટંકશાળના પરિવારનો સભ્ય છે. શાંત પાડતી જડીબુટ્ટી ગણવામાં આવે છે. મધ્ય યુગમાં તેનો ઉપયોગ તણાવ અને ચિંતા ઘટાડવા, ઊંઘને પ્રોત્સાહન આપવા, ભૂખમાં સુધારો કરવા અને ગેસ અને પેટનું ફૂલવું તેમજ કોલિક સહિત અપચોથી પીડા અને અસ્વસ્થતાને સરળ બનાવવા માટે કરવામાં આવતો હતો. તે ઉનાળામાં સફેદ અથવા પીળા ફૂલો ધરાવે છે. આ પ્રજાતિ અમેરિકા, બ્રિટન સહિત વિશ્વના લગભગ તમામ દેશોમાં જોવા મળે છે. લેમન બામ, બી બામ, ક્યોર-ઓલ, ડ્રોપ્સી પ્લાન્ટ, હની પ્લાન્ટ, મેલિસા, મેલિસા ફોલિયમ, મેલિસા ઑફિસિનાલિસ, સ્વીટ બામ અને સ્વીટ મેરી નામો હેઠળ પણ ઉપલબ્ધ છે. લીંબુ મલમના પાન ઘસવાથી લીંબુ જેવી ભીની વાસ આવે છે. તેને સ્વીટ મલમ અથવા ગાર્ડન મલમ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમાં બેક્ટેરિયાના ચેપને દૂર કરવાની શક્તિ છે. જો ગંભીર ચેપ હોય તો પણ તે ખૂબ મદદરૂપ છે. તેના પાંદડાને હર્બલ ચાની જેમ પી શકાય છે.સૂકા પાંદડાનો ઉપયોગ ઔષધીય સ્વરૂપમાં કરી શકાય છે. આને પીવાથી પેટ સંપૂર્ણ રીતે સાફ થઈ જાય છે.

અધિક માસનું કથામૃત

- કનકચંદ્ર સી. વ્યાસ

નિષ્કામ ભક્તિની મહતા

એકવાર પાંડવોને વનવાસ ભોગવવાનો વખત આવ્યો. આ સમયે અનેક પ્રકારના કષ્ટોમાંથી પાંડવોને"પસાર થવું પડેલું કારણ કે, કાયમ સુખમાં ઉછરેલા અને રાજમહેલમાં રહેનારા આ પાંડવોને કાંટા, હિંસક"પશુઓ પથરાયેલી પથારી વગેરેથી યુક્ત રહેવું પડતું. આવી ખરાબ પરિસ્થિતિ વચ્ચે જીવવું દુષ્કર બની જાય"તેમ છતાં પણ પાંડવો પોતાની ધર્મપત્ની દ્રૌપદી અને કુન્તા માતા વનમાં દિવસો વ્યતિત કરી રહ્યા હતા."આ સમયે સૌથી વધુ ધીરજ યુધિષ્ઠિરે રાખી હતી. તે સવાર અને સાંજ નિયમિત પરમકૃપાળુ પરમાત્માના"ધ્યાનમાં મગ્ન થઈ જતા હતા. તેમને પ્રભુ પ્રત્યે અપાર શ્રધ્ધા હતી. પોતાના પર આવી પડેલા આ મહાકષ્ટને"તે કર્મનું ફળ જ માનતા હતા."એકવાર દરરોજની જેમ પૂજા-ધ્યાન પૂર્ણ કરી યુધિષ્ઠિર ઉઠ્યા ત્યારે દ્રૌપદીજી ઊભા હતા. તેમનાથી ન"રહેવાયું તે બોલી ઉઠ્યા, "તમે આટલા બધા પૂજા-પાઠ અને ધર્મધ્યાન કરો છો પરંતુ આપણા સંકટો તો દિવસો"દિવસ વધતા જ જાય છે. તમે ભગવાનને કહેતા શા માટે નથી ? કે આપણા બધા જ સંકટો દૂર થઈ જાય. તમે"તો સહનશીલ છો પરંતુ તમારા આ ભાઈઓ વનમાં ઠોકરો ખાઈ ખાઈ કેટલું બધું દુઃખ વેઠી રહ્યાં છે. ક્યારેક"પથ્થરની ચટ્ટાન ઉપર સુવું પડે છે તો ક્યારેક કાંટાળા માર્ગ પર ચાલવું પડે છે. ક્યારેક તરસ લાગી હોય તો"પાણીના ફાંફા થાય છે તો ક્યારેક ખાવાના સાંસા પડે છે. હું જાણું છુ કે જો તમે માત્ર એકવાર ભગવાન પાસે"પ્રાર્થના કરશો તો આપણા તમામ દુઃખોને તે દૂર કરી નાખશે.''"દ્રૌપદીજીની આ વાત સાંભળીને પ્રથમ તો યુધિષ્ઠિર હસ્યા પછી હળવેકથી કહ્યું, "દ્રૌપદી, પહેલી વાત"તો એ કહું જે પ્રભુભક્તિ કરું છું તેનું મુખ્ય કારણ એ છે કે, પ્રભુની ભક્તિ કરવી મને ખૂબ જ ગમે છે. મને તેમાં"અત્યંત આનંદ આવે છે. એ નિત્યાનંદની પ્રાપ્તિ માટે પ્રભુભક્તિ કરવી એ અલગ વાત છે. હવે જો આનંદ માટે"ભકિત કરતો હોઉ અને હું જો ભગવાનપાસે કંઈને કંઈ માંગવા લાગું તો તે મારી પ્રાર્થના સાંભળી અને"આપણા કષ્ટ કલેશોને દૂર તો કરી જ દેશે તેવી મને પૂરી શ્રધ્ધા છે પરંતુ દુઃખની વાત એ છે કે આપણે જે કર્મો"કર્યા હોય તેના ફળ ભોગવવાથી દૂર ભાગીએ તો એ પણ એક પ્રકાની કાયરતા જ ગણાય ને ? વળી આપણે"પ્રાર્થના પૂજાના બદલામાં પ્રભુ પાસે કંઈ માંગીએ તો એક પ્રકારનો વ્યાપાર થયો ગણાય. ભગવાનપાસે ક્યારે"સોદાબાજી કરવી ન જોઈએ કારણ કેભક્તિ કરતાં કરતાં આપણે તેની પાસે કંઈક માંગ્યુ તો એક વેપાર થયો"ગણાય. જેની કોડીની પણ કિંમત નથી રહેતી વળી, હું તો પ્રભુની નિષ્કામ ભક્તિ કરું છું નિષ્કામ ભક્તિમાં જ"સાચા આનંદની પ્રાપ્તિ થાય છે. માટે મને હવે ફરી ક્યારે પણ એ વાત ન કરશો કે પ્રભુ પાસેથી ભક્તિના"બદલામાં કંઈક માંગો.''

"આ સાંભળી દ્રૌપદીને સંતોષ થયો અને પોતે જે માંગણી કરેલી તે ભૂલ બદલ તેમણે યુધિષ્ઠિર પાસે"ક્ષમા માંગી.

"ભગવાન શ્રી કૃષ્ણએ યુધિષ્ઠિર, પાંડવો, કુંન્તી માતા અને દ્રૌપદીજીની નિષ્કામ ભક્તિને કારણે"મહાભારતના યુધ્ધ સમયે પાંડવોનો સંપૂર્ણ સાથ આપ્યો કારણ કે, તે નિષ્કામ, નિષ્કપટ અને સત્યનેવળગી"રહેનારા હતા. માટે જ ભગવાનશ્રી કૃષ્ણ અર્જુનના રથના સારથી બન્યા અને તેમણે ભગવાન શ્રી કૃષ્ણની"કૃપાને લીધે જ જીતવી અતિ મુશ્કેલ એવી કૌરવોની સેના પર વિજય મેળવ્યો. આમ, નિષ્કામ ભક્તિનું"ભગવાન ફળ અવશ્ય આપે છે અને એ જ્યારે આપે છે ત્યારે કોઈ હિસાબ રાખતા નથી.

આજનું ભજન

જગની સૌ વાતોનો સાર,
(૨)"મારે એક હરિનું નામ.
"મારા જીવનનો આધાર (૨)
"મારે એક હરિનું નામ.
"બહુ જોયુંને બહુ બહુ જાણ્યું,
"અનુભવ્યું, સુણ્ય ઘણું,
"અંતે દ્રઢ થયો વિચાર
(૨)"મારે એક હરિનું નામ.
"સતસંગની બલિહારી છે,
"જેમાંથી એ સાંપડ્યું."મંથન કરતા માખણ સાર
(૨)"મારે એક હરિનું નામ.
"હૃદય તણા તાળાને માટે,
"ચાવી હરિના નામનીસ
"ખોલી નાખે દિલના દ્વાર (૨)
"મારે એક હરિનું નામ.
"હાથીના પગલાંની મધ્યે
"સૌ પગલાં સમાય છે,
""પુનિત'' કરશે બેડો પાર
(૨)"મારે એક હરિનું નામ.

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જૂનાગઢ શહેરના અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો

કલેકટરએ મોડી રાત્રે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી : જનજીવન સામાન્ય બને તે માટે જરૂરી નિર્દેશ આપ્યા : રોગચાળો અટકાવવા માટે સાફ-સફાઈ, દવા છંટકાવ સહિતની યુદ્ધના ધોરણે હાથ ધરાયેલી કામગીરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ શહેરમાં અતિભારે વરસાદના પગલે કેટલાક વિસ્તારોમાં ભારે પૂરની સ્થિતિ સર્જાય હતી. ત્યારે વરસાદે વિરામ લીધા બાદ કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા ગઈકાલે મોડી રાત્રે જ મોતીબાગ, રાયજીબાગ, કૃષિ યુનિવર્સિટી, ટીંબાવાડી સહિતનાં વિસ્તારની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. કલેકટરએ દોલતપરા, કસ્તુરબા કોલોની, જલારામ સોસાયટી, કૃષ્ણનગર, લક્ષ્મીનગર, આલ્ફા સ્કૂલ વિસ્તાર, વંથલી રોડ, એસટી વર્કશોપ સહિતના વિસ્તારોની મુલાકાત કરી હતી અને પરિસ્થિતિ ક્યાસ મેળવ્યો હતો. સાથે જ રોગચાળો અટકાવવા માટે પ્રાથમિકતાના ધોરણે સાફ-સફાઈ, દવા છંટકાવની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. તેમજ હાથ ધરવામાં આવેલ કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. કલેક્ટરની ફિલ્ડ વિઝીટ દરમ્યાન મ્યુનિસિપલ કમિશનર રાજેશ તન્નાપણ તેમની સાથે રહ્યા હતા. આ ઉપરાંત મેયર ગીતાબેન પરમાર સાથે પણ પ્રશાસનિક કામગીરી અંગે ચર્ચા કરી હતી. હાલ જૂનાગઢ શહેરમાં જનજીવન સત્વરે સામાન્ય બને તે દિશામાં તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. ઉપરાંત કલેકટરએ તાત્કાલિક નુકસાનીના સર્વેહાથ ધરવા માટે જરૂરી નિર્દેશ આપ્યા છે. કલેકટરએ આ મુલાકાત દરમ્યાન સ્થાનિક લોકો જોડે પણ સંવાદ સાધ્યો હતો.

ભારે વરસાદ અને પુરની સ્થિતિમાં જૂનાગઢમાં બે મહિલા સહિત ૩ના મૃત્યું

(પ્રતિનિધિદ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં શનિવારે સાંબેલા ધારે પડેલા વરસાદના કારણે પુરના પાણી સર્વત્ર ફરી વળ્યા હતા. ખાસ કરીને ગિરનારના જંગલમાં પડેલા અનરાધાર વરસાદના કારણે શહેર પાણી પાણી થઈ ગયું હતું. શહેરના તમામ માર્ગો પાણીમાં ગરકાવ થયા હતા. ભારે વરસાદના કારણે અનેક ખાના ખરાબી થઈ છે. સાથે ૨ મહિલા સહિત ત્રણનો ભોગ પણ લેવાયો છે. ગિરનારમાં પડેલા વરસાદના કારણે ભરડાવાવ પાસે ઘોડાપુર આવ્યું હતું. પુરનું પાણી રસ્તા ઉપર ફરી વળ્યું હતું. દરમ્યાન ભરડાવાવ પાસે દિવાલ તૂટી પડતા ૫ વાહનો ધસમસતા પાણીમાં તણાયા હતા. જેમાં મહિલા પ્રોફેસર, એક ગૃહિણી અને એક યુવાનના મૃત્યું થયા હતા. દિવાલ તૂટી પડવાથી આવેલા પાણીના ધસમસતા પ્રવાહમાં એક કાર, આઈસર અને ત્રણ રિક્ષા સહિતના વાહનો તણાયા હતા. સાથે બે મહિલા સહિતના ૫ થી ૬ લોકો તણાયા હતા. જેમાંથી મહિલા અધ્યાપક અને ગૃહિણીનું મૃત્યું નિપજ્યું હતું. ભરડાવાવની દુર્ઘટનાની માફક કૃષિ યુનિવર્સિટીની દિવાલ તૂટી જતા તેની નીચે દબાય જતા યુવાનનું ગંભીર ઈજા થવાથી સારવાર દરમ્યાન મૃત્યું નિપજ્યું હતું.

૨ વ્યક્તિને બચાવનાર પિતા પોતાની લાડકવાયી દીકરીને બચાવી ન શક્યા

દિપચંદાબેન ભરતભાઈ રાઠોડ ડો. સુભાષ યુનિવર્સિટીમાં લેકચરર હતા. તેમના પતિ ભરતભાઈ રાઠોડ માણાવદરના ખાંભલામાં એગ્રી યુનિવર્સિટીમાં સર્વિસ કરે છે. દિપચંદાબેન સર્વિસના કારણે જૂનાગઢ-આંબેડકરનગરમાં પિતાના સાથે રહેતા હતા અને શનિરવિમાં ખાંભલા જતા હતા અથવા તેમના પતિ અહિંયા આવતા હતા. કોલેજ પુરી કરી દિપચંદાબેન પોતાના પિતા સાથે કારમાં જતા હતા. દરમ્યાન ભરડાવાવ પાસે દિવાલ પડતા ૩ રિક્ષા, બાઈક, ટેમ્પો તણાયા. દિપચંદાબેનના પિતાએ અગાઉ રેસ્કયુની કામગીરી કરી હતી. બધા માનવ સાંકળ બનાવીને પસાર થઈ રહ્યા હતા ત્યાં હાથ છૂટી ગયો અને બધા ફંગોળાઈ ગયા હતા. દિપચંદાબેનએ થાંભલો પકડ્યો હતો પરંતુ આઈસર પાણીમાં ફંગોળાઈને આવ્યું અને તેના નીચે તેઓ દબાઈ ગયા હતા. આઈશર નીચેથી જ તેમનો મૃતદેહ મળ્યો હતો. દિપચંદાબેનના ફાધર ચંદુભાઈ ધાધલે અન્ય ૨ વ્યક્તિને રેસ્ક્યુ કરીને બચાવી લીધા પરંતુ અફસોસ પોતાની દિકરીને બચાવી ન શક્યા.

જૂનાગઢનાં કોર્પોરેટરો ગુમ થયા છે ! પત્તો આપશો... !

નાગરીકનો ચિતાર

જૂનાગઢમાં પ્રાથમિક સુવિધાનાં પ્રશ્ને આમ જનતા મનપા તંત્ર અને તેનાં પદાધિકારીઓ તેમજ કેટલાક કોર્પોરેટરોથી આમેય નારાજ છે. અને અવાર નવાર પ્રજાનો પ્રકોપ તીવ્રપણે ફાટી નીકળે છે અને મનપા કચેરી ખાતે ધરણા, સુત્રોચ્ચાર સાહિતનાં દ્રશ્યો સર્જાતા હોય છે. દરમ્યાન જૂનાગઢમાં ગત શનિવારનો દિવસ આકાશી આફત વચ્ચે ઉતરી આવ્યો હતો. સમગ્ર શહેર ભારે વરસાદ અને પુરનાં પ્રકોપમાં ગરકાવ થયું હતું. કફોડી સ્થિતિ વચ્ચે નગરજનો ફસાયા હતાં અને લોકોનાં ઘર, દુકાનો અને જાહેર રસ્તાઓ ઉપર પાણી... પાણી... જોવા મળતું હતું. અનેક દુર્ઘટનાઓ પણ સર્જાઈ હતી. સર્વત્ર મદદ.. મદદ..નો પોકાર ઉઠવા પામ્યો હતો. આવા કફોડા સમયવેળાએ જૂનાગઢ મનપાનાં કેટલાક કોર્પોરેટરો કે જેઓ કાયમનો માટે ફોટો સેશન, કોઈનાં હારતોરા કે સભા-સભારંભોમાં અને મંત્રીઓની કદમપોશીમાં જ રચ્યા પચ્યા રહે છે તેવા મોટાભાગનાં કોર્પોરેટરો કે જેઓને આમ જનતાએ ખોબલે ખોબલે મતો આપ્યા છે તે એટલા માટે કે મુશ્કેલીનાં સમયે તેમજ આ શહેરને સર્વાંગી વિકાસ કરીને સુંદર રળીયામણું બનાવે. તેમજ જનતાને પાયાની સુવિધાઓ પુરી પાડે પરંતુ આ જે આશા અને અપેક્ષા હતી તે સાવ ઠગારી નીવડી છે. આજે કોર્પોરેટરનાં નામથી જ લોકોમાં તીવ્ર આક્રોશ છલકી ઉઠે છે. ત્યારે શનિવારે જૂનાગઢ શહેર જળબંબાકાર બન્યું હતું પરંતુ કેટલાય કોર્પોરેટરો લોકોની મદદે જોવા મળ્યા નહતાં. મદદ.. મદદ..નાં પોકારો વચ્ચે જે તે તંત્રની ટીમો તેમજ સેવાભાવી યુવાનો જોખમમાં રહીને પણ લોકોને મદદ પુરી પાડી હતી. પરંતુ જેને લાજ-શરમ નથી તેવા કેટલાક કોર્પોરેટરો ડોકાયાં જ નહતાં. અને તેમની સામે આમ જનતામાંથી તીવ્ર આક્રોશ જોવા મળી રહયો છે. કોર્પોરેટરો, નગરસેવકો અને પદાધિકારીઓ પોતાની ફરજ ભુલ્યા છે ત્યારે આજે તેમનાં સામે જે જનઆક્રોશ થયો છે તે અંગે આ અખબારે લોકોનાં આક્રોશને વાચા આપવા આ લખવાની ફરજ પડી છે. અંતમાં બે દિવસ પહેલાં જ કોર્પોરેટરો અને તેમની કામગીરીથી નારાજ એવા એક નાગરીકે કલેકટર કચેરી ખાતે લખ્યું હતું કે 'કોર્પોરેટરો ગુમ થયા છે?' 'જો તે અંગેની કોઈને માહિતી હોય તો પત્તો આપવા' વિનંતી કરવામાં આવી છે. આ નાગરીકે જે લખ્યું છે તે આજે અક્ષરશઃ સાચુ પડયું છે. અને જૂનાગઢનાં નગરજનોને પુરનાં પાણીમાં તેની પ્રતિતિ પણ થઈ ચુકી છે.

જૂનાગઢ શહેરમાં અસરગ્રસ્ત વિસ્તારમાં ઘરવખરીના સામાન સહિતની નુકસાનીનો ડોર ટુ ડોર સર્વે શરૂ કરાયો

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્દેશ મુજબ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વરસાદના વિરામ બાદ ગણતરીના કલાકોમાં જ નુકસાનીનો તંત્ર દ્વારા સર્વે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ શહેરમાં અતિભારે વરસાદ બાદ જનજીવન પૂર્વવત બને તે દિશામાં તંત્રએ ઝડપભેર કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ તંત્ર દ્વારા ભારે પૂરના લીધે લોકોના ઘરવખરીના સામાન તથા અન્ય નુકસાનીનો ડોર-ટુ-ડોર સર્વે શરૂ કર્યો છે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્દેશ મુજબ જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વરસાદના વિરામ બાદ ગણતરીના કલાકોમાં જ અસરગ્રસ્ત વિસ્તારમાં કર્મચારીઓની જુદી-જુદી ટીમ દ્વારા સર્વેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ સર્વે દરમ્યાન ઘરવખરીના સામાન ઉપરાંત માનવ તથા પશુ મૃત્યું, કાચા-પાકા મકાન અને ઝૂંપડાને નુકસાની વિગતો સામે આવ્યો ટેકનિકલ અભિપ્રાય મેળવીને નુકસાનીનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવશે. જેના આધારે સરકારના ધારા ધોરણ મુજબ સહાય ચૂકવવામાં આવશે. ઉપરાંત સર્વેની કામગીરી ખૂબ ત્વરાએ પૂર્ણ કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

માણાવદરમાં જુનું પીપળનું વૃક્ષ પડયું

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૨૪

માણાવદરમાં વર્ષો જુના પીપળનું ઝાડ મુળીયા સાથે નીકળી જતાં તે મુળ કેબીન ઉપર પડતાં કેબીન તોડી નાંખી હતી કેબીન ધારકને મોટી નુકશાની થયાની નોંધ કરાય છે.

ગુજરાત સરકાર

પૂરની પરિસ્થિતિમાં બનીએ સભાન

સલામત બનાવીએ આપણું જીવન

આપત્તિ વ્યવસ્થાપન એ જ સાચી સાવચેતી

પૂરની સ્થિતિ પહેલાં

- અફવા ફેલાવશો નહિ, શાંત રહો, ગભરાશો નહિ
- સ્થાનિક વહિવટીતંત્રના સંપર્કમાં રહી તેમની સૂચનાઓનું પાલન કરો
- આસપાસમાં સૌથી નજીકના સલામત સ્થળે પહોંચવાનો સલામત માર્ગ જાણો
- હવામાન અને પૂરની ચેતવણીની અદ્યતન માહિતી માટે રેડિયો સાંભળો કે ટેલિવિઝન નિહાળો
- તમારા મોબાઈલ ફોનને ચાર્જ કરી રાખો
- સર્પદંશ અને ઝાડા ઉલટી માટેની વધારાની દવાઓ સાથેની પ્રાથમિક સારવાર કિટ તૈયાર રાખો
- છત્રી સાથે રાખો અને સાપ જેવા ઝેરી જીવજંતુથી બચવા લાકડીની વ્યવસ્થા રાખો
- શુદ્ધ પાણી, સુકો ખાદ્યપદાર્થ, મીણબત્તી/દીવાસળીની પેટીઓ, કેરોસીન, ફાનસ, મજબૂત દોરડાં, હાથબત્તી, વધારાના બેટરી સેલ હાથવગા રાખો
- પશુઓના બચાવ મ ટે તેમને ખુંટાથી છૂટા રાખો

સ્થળાંતર કરવાનું થાય ત્યારે:

- લોકો અને પશુઓ સલામત આશ્રય લઈ શકે તેવા ઊંચા સ્થળે સ્થળાંતર કરો
- ઘરને તાળું મારી બંધ કરો અને દર્શાવેલા માર્ગે સલામત સ્થાને પહોંચો
- પૂરના પાણી ગટર દ્વારા ઘરમાં ન ઘૂસે તે માટે રેતીની કોથળીઓ મૂકી ગટરો બંધ રાખો
- કપડાં, જરૂરી દવાઓ, કિંમતી ચીજ વસ્તુઓ, અંગત દસ્તાવેજો વગેરેને વોટરપ્રૂફ પેકીંગમાં બાંધી સાથે રાખો
- ફર્નિચર, ઘર ઉપયોગી સાધનો વગેરેને પલંગ કે ટેબલ ઉપર ઊંચે મૂકી રાખો
- ઘર છોડતા પહેલાં વીજ પુરવઠો અને ગેસ સિલિન્ડર બંધ કરો
- અજાણ્યા અને ઊંડા પાણીમાં ઉતરવાનું ટાળો

પૂર દરમિયાન

- ગટર અને પાણીના નિકાલ માર્ગોથી દૂર રહો
- વીજ કરંટથી બચવા વીજળીના થાંભલા અને જમીન પર પડેલાં વીજ વાયરોથી દૂર રહો
- ઉકાળેલું જ પાણી પીવો અથવા પાણીને જંતુમુક્ત કરી પીવો
- આસપાસની જગ્યાને જંતુમુક્ત રાખવા ચૂનો અને બ્લિચીંગ પાવડરનો છંટકાવ કરો
- બાળકોને ભૂખ્યાં ના રાખો
- તાજો રાંધેલો અને સૂકો ખોરાક ખાવ, ખોરાકને ઢાંકીને રાખો

પૂર બાદ

- સ્થાનિક સત્તાધીશો અને આકસ્મિક સેવાઓ સાથે જોડાયેલાં કાર્યકરોની સલાહ ધ્યાનથી સાંભળી પાલન કરો
- આકસ્મિક સમયે રાહત અને બચાવ માટે અહીં દર્શાવેલા આપાતકાલિન કંટ્રોલરૂમના ટેલિફોન નંબર ઉપર જાણ કરો
- બાળકોને પૂરના પાણીમાં કે પૂરના પાણીની નજીક જવા દેશો નહીં
- તૂટેલાં વીજ થાંભલાઓ, ક્ષતિગ્રસ્ત પુલ-નાળાં, તૂટેલાં કાચ ધારદાર ચીજવસ્તુઓ અને ભંગારથી સાવચેત રહો
- ક્ષતિગ્રસ્ત વીજ ઉપકરણોનો ઉપયોગ ટાળો, ઈલેક્ટ્રિશીયન પાસે ચેક કરાવ્યા બાદ જ આવા ઉપકરણોનો ઉપયોગ કરો
- પૂરના પાણીથી પલળેલો ખોરાક આરોગો નહિ
- મેલેરિયાથી બચવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો

આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઇન ફોન માટે)* જિલ્લા કંટ્રોલરૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલરૂમ - ૧૦૭૦

*મોબાઇલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

અદ્યતન અને વિશ્વસનીય માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે

@infogujarat

gujaratinformation.official

gujarat.information

જવાબદાર બનો

તમારી અને તમારા આસપાસના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરો.

વહીવટી તંત્રને સહકાર આપો

જેથી ઝડપથી વહેલી તકે સમસ્યાઓનું સમાધાન થઈ શકે.